દાખલ તારીખ : ૨૧/૦૯/૨૦૧૫
રજીસ્ટ્રેશન તારીખ : ૨૧/૦૯/૨૦૧૫
ફેસલ તારીખ : ૨૮/૧૧/૨૦૧૯
સમય ગાળો : દિવસ–માસ–વર્ષ.
૦૭ – ૦૨ – ૦૪

**અંજાર–કચ્છના ૭માં એડીશ્નલ સેસન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુકામ – અંજાર–કચ્છ.**

---

**સેશન્સ કેસ નં. ૧૪૭/૨૦૧૫.**

**આંક–૨૧૧/બી**

**ફરીયાદી :–**
**શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**તહોમતદાર :–**
**(૧) દેવશી મોહન કોલી,**
ઉ.વ. ૨૬, ધર્મે: હિન્દુ, ધંધો: ખેતી,

**(૨) કરમશી મોહન કોલી,**
ઉ.વ. ૨૪, ધર્મે: હિન્દુ, ધંધો: ખેતી,

**(૩) કરશનભાઈ મોહનભાઈ કોલી,**
ઉ.વ. ૨૧, ધર્મે: હિન્દુ, ધંધો: ખેતી,

રહેવાસી તમામ: ભરૂડીયા, રોસીયારી વાંઢ, તા. રાપર–કચ્છ.

---

**શ્રી સરકાર પક્ષ તરફે : વિ. એ.પી.પી. શ્રી આશિષ પી. પંડયા.**
**આરોપીઓ પક્ષ તરફે : વિ. વ. શ્રી એચ.જે. સોનપાર.**

---

**ગુન્હો :– ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૭૬, ૩૬૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ.**

**–:: જજમેન્ટ ::–**

(૧) હાલના કામે આ કામના આરોપીઓ સામે રાપર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નં. ૩૬/૨૦૧૪ થી ઈ.પી.કો.ની કલમ– ૩૭૬, ૩૬૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.

આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, તારીખ ૩૦/૫/૨૦૧૪ ના કલાક ૧૪–૪૦ વાગ્યે ગુનો જાહેર થયો તેનાથી આશરે ૩ મહિના પહેલાથી તારીખ ૨૯/૫/૨૦૧૪ સુધીના અરસામાં રામવાવ વાડી વિસ્તાર તથા સામખીયારી તથા ચાંદાણી ગામ સીમ મધ્યે આરોપીઓ પૈકી આરોપી નં. ૧ વાળા એ ફરીયાદી/ભોગ બનનાર બહેનની વાડીની બાજુમાં આવેલ સાહેદ જેરામ ભચુ વરચંદની વાડી ભાગેથી વાવતો હોઈ, ફરિયાદીની વાડીએ અવાર–નવાર આવતો–જતો હોઈ, ફરિયાદણ બાઈ સાથે ઓળખાણ થતા બનાવથી ત્રણેક માસ અગાઉ વાડીએ ફરિયાદણ બાઈ નો એકલતાનો લાભ લઈ, આરોપીએ બળજબરીથી બળાત્કાર ગુજારી, આ અંગે કોઈને પણ વાત કરીશ તો તારા ભાઈને મારી નાંખીશ તેવી ધમકી આપી, તે પછી પણ આરોપી નં. ૧ નાએ અવાર–નવાર મોકાનો લાભ લઈ, ધમકી આપી બળાત્કાર કરેલ અને તા. ૨૪/૫/૨૦૧૪ ના રોજ રાત્રીના આશરે કલાક ૨૩–૦૦ ના અરસામાં આરોપી નં. ૨, ૩ વાળાઓ આરોપી નં. ૧ વાળાના ભાઈ થતા હોઈ તેમજ નાસતો–ભાગતો આરોપી મહાદેવા જીવા કોલી મિત્ર થતો હોઈ, તેઓને બોલાવી ફરિયાદણ બાઈ રાત્રીના સમયે લગ્ન પ્રસંગમાં જવાની છે તેની આરોપી નં. ૧ વાળા ને ખબર હોઈ, રસ્તામાં ઉભા રહી ફરિયાદણ બાઈ લગ્ન પ્રસંગમાં ગીતો ગાવા જતી હતી ત્યારે રસ્તામાં તમામ આરોપીઓએ રોકી, આરોપી નં. ૧ વાળા એ છરી બતાવી અને મારી નાંખવાની ધમકી આપી, આરોપી નં. ૨ વાળાએ હોકી વડે ફરિયાદણબાઈને માર મારી મુઢ ઈજાઓ કરી અને આરોપી નં. ૧ વાળાએ નહી પકડાયેલ આરોપી રમેશ જેઠા કોલીને ફોન કરી, છોટા હાથી છકડો લઈ બોલાવતા તમામ આરોપીઓએ ફરિયાદણબાઈને બળજબરીથી ઉપાડી છકડામાં નાંખી રામવાવ ગામેથી અપહરણ કરી સામખીયારી ગામની સીમમાં લઈ જઈ, સહઆરોપીઓએ આરોપી નં. ૧ વાળા સાથે ફરિયાદણ બાઈને ઉતારતા, આરોપી નં. ૧ વાળાએ સામખીયારીની સીમમાં તેમજ અંજાર મધ્યે ફરિયાદણ બાઈને લઈ જઈ ફરિયાદણ બાઈ સાથે બળજબરીપૂર્વક બળાત્કાર ગુજારી, પકડાયેલ તથા નહી પકડાયેલ સહઆરોપીઓએ ફરિયાદણ બાઈને માર મારી અપહરણ કરવામાં એકબીજા ને મદદગારી કરી, મે. શ્રી ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સાહેબના

હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.ની કલમ – ૩૭૬, ૩૬૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલાના આક્ષેપ છે.

**(૨)** હાલના કામે ત. ક. અમલદારે પોતાની તપાસના અનુસંધાને હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળતા રાપરના વિધ્વાન જ્યુ.મેજી., ફ.ક. શ્રી ની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. જે ફો.કેસ નં. ૫૮૪/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**(૩)** હાલના કામના આરોપીઓ વિરુધ્ધનું ચાર્જશીટ રજુ થતાં, વિ. જ્યુ. મેજી., ફ. ક. શ્રી એ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૮ મુજબની પુર્તતા કરી, ક્રિ. પ્રો. કોડ ની કલમ–૨૦૯ અન્વયે, આક્ષેપીત ગુન્હાઓની ટ્રાયલ સેશન્સ અદાલત સમક્ષ ચાલવા પાત્ર હોઈ જરૂરી કમીટલ પ્રોસીડીંગ કરી અત્રેની અધીક સેશન્સ અદાલત, અંજાર–કચ્છને મોકલી આપેલ છે. જે હાલના કામે સેશન્સ કેસ નં. ૧૪૭/૨૦૧૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**(૪)** આ કામે આરોપીઓ તરફે વિ. વ. શ્રી એચ. જે. સોનપાર વકીલાતનામું રજુ રાખી હાજર થયેલ છે, જયારે સરકારપક્ષે વિ. એ.પી.પી.શ્રી આશિષ પંડયા હાજર થયેલ. આ કામે તહોમતદારો વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ– ૩૭૬, ૩૬૬, ૩૨૩, ૫૦૬(૨), ૩૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું આંક – ૯ થી ફરમાવવામાં આવેલ અને આંક–૧૦ થી ૧૧ સુધી તહોમતદારોના તે સંદર્ભેના નીવેદનો નોંધવામાં આવેલ છે. તહોમતદારોએ ગુન્હાનો ઈન્કાર કરતા કેસ કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૫)** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

**<u>ફરીયાદી તથા સ્વતંત્ર સાહેદોનો પુરાવો.</u>**

| અ.નં. | સાહેદનું નામ. | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧. | સાહેદ દેવીબેન ભચુ વરચંદ | ૧૦ | આંક–૪૪ |
| ૨. | ફરીયાદી–ભોગ બનનાર તે ખેંગારભાઈ વરચંદની દીકરી. | ૧૧ | આંક–૪૮ |

| | | | |
|---|---|---|---|
| ૩. | સાહેદ ગોપાલભાઈ ગણેશાભાઈ વરચંદ | ૧૨ | આંક–૫૪ |
| ૪. | સાહેદ કુંવરબેન ખેંગારભાઈ વરચંદ | ૧૩ | આંક–૫૫ |
| ૫. | સાહેદ લાલભાઈ રણમલભાઈ વરચંદ | ૧૪ | આંક–૬૪ |
| ૬. | સાહેદ પુરીબેન ખેંગાભાઈ વરચંદ | ૧૫ | આંક–૭૪ |
| ૭. | સાહેદ બીજલભાઈ રણમલભાઈ વરચંદ | ૧૬ | આંક–૭૫ |
| ૮. | સાહેદ જેરામભાઈ ભચુભાઈ વરચંદ | ૧૭ | આંક–૭૮ |
| ૯. | સાહેદ વેલાભાઈ ધનાભાઈ વરચંદ | ૧૮ | આંક–૭૯ |
| ૧૦. | સાહેદ લાલભાઈ પાંચાભાઈ મણવર | ૧૯ | આંક–૮૦ |
| ૧૧. | સાહેદ હરીભાઈ બેચરાભાઈ સોનારા | ૨૦ | આંક–૮૫ |
| ૧૨. | સાહેદ હીરાભાઈ રણમલભાઈ વરચંદ | ૨૧ | આંક–૮૮ |

## પંચ સાહેદોનો પુરાવો.

| અ.નં. | સાહેદનું નામ. | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ પ્રભુભાઈ ભચાણભાઈ સોનાર | ૧ | આંક–૧૩ |
| ૨. | પંચ ભારૂભાઈ બચુભાઈ ચાવડા | ૨ | આંક–૧૬ |
| ૩. | પંચ સવજીભાઈ હરીભાઈ મણવર | ૩ | આંક–૨૬ |
| ૪. | પંચ જેરામ પચાણ ચાવડા | ૪ | આંક–૩૧ |
| ૫. | પંચ સવજીભાઈ સામાભાઈ ઢીલા | ૫ | આંક–૩૫ |
| ૬. | પંચ હમીરાભાઈ પેથાભાઈ સોનારા | ૬ | આંક–૩૭ |
| ૭. | પંચ માદેવા હરીભાઈ સોનારા | ૭ | આંક–૩૯ |
| ૮. | ધનજીભાઈ જીવાભાઈ ઢીલા | ૮ | આંક–૪૦ |
| ૯. | દિનેશભાઈ ડાયાભાઈ સોનારા | ૯ | આંક–૪૩ |

## સરકારી સાહેદનો પુરાવો.

| અ.નં. | સાહેદનું નામ. | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧. | કારકુન– દિનેશભાઈ પુરૂષોતમભાઈ ટાંક | ૩૦ | આંક–૧૪૪ |

## ડોકટર–સાહેદનો પુરાવો.

| અ.નં. | સાહેદનું નામ. | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧. | ડો. શ્રી સંદીપભાઈ દેવશીભાઈ માલી | ૨૨ | આંક–૯૦ |

## પોલીસ સાહેદનો પુરાવો.

| અ.નં. | સાહેદનું નામ. | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧. | વુ.પો.કો. શાંતાબેન બાબુભાઈ બજાત | ૨૩ | આંક–૧૧૭ |
| ૨. | પી.એસ.આઈ. શ્રી બંસનારાયણસીંહ ભુવનેશ્વરસીંહ સીંહ | ૨૪ | આંક–૧૨૨ |
| ૩. | પો.કો. સામતભાઈ વિરમભાઈ બરારીયા | ૨૫ | આંક–૧૨૫ |
| ૪. | પો.કો. પોપટભાઈ વિરમભાઈ મચારીયા | ૨૬ | આંક–૧૨૬ |
| ૫. | પો.કો. ભીમાભાઈ કરમશીભાઈ ગોહીલ | ૨૭ | આંક–૧૨૭ |
| ૬. | પો.કો. રાજેશગર ચતુરગર ગૌસ્વામી | ૨૮ | આંક–૧૨૯ |
| ૭. | પો.કો. રામજીભાઈ ટપુભાઈ ચનુરા | ૨૯ | આંક–૧૩૫ |
| ૮. | પો.ઈ. પ્રવિણભાઈ મગનભાઈ પરમાર | ૩૧ | આંક–૧૫૭ |

## દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી–ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ. | આંક–૧૪ |
| ૨. | મુદ્દામાલની પંચોની સહીવાળી કાપલી. | આંક–૧૫ |
| ૩. | ડીસ્કવરી પંચનામુ. | આંક–૧૭ |
| ૪. | મુદ્દામાલની પંચોની સહીવાળી કાપલી. | આંક–૧૮ થી ૨૦ |
| ૫. | ફરીયાદી–ભોગ બનનારના મેડીકલ સેમ્પલો કબજે કર્યાનું પંચનામુ. | આંક–૨૭ |
| ૬. | અટક પંચનામુ. | આંક–૩૨ |
| ૭. | આરોપી દેવશી મોહન કોલીના મેડીકલ સેમ્પલો કબજે કર્યાનું પંચનામુ. | આંક–૩૬ |
| ૮. | અસલ ફરિયાદ તથા તે સાથે ફોર્મ નં. ૧૫૪ | આંક–૪૯ |
| ૯. | ભોગ બનનારની મેડીકલ તપાસણી કરી સેમ્પલો લેવા માટે કરવામાં આવેલ યાદી. | આંક–૯૧ |
| ૧૦. | ભોગ બનનારનું એમ.એલ.સી. સર્ટીફીકેટ. | આંક–૯૨ |
| ૧૧. | આરોપીની શારીરિક તપાસણી કરવા અંગેની યાદી. | આંક–૯૩ |
| ૧૨. | આરોપીની તપાસણી કરી સેમ્પલો લેવાની યાદી. | આંક–૯૪ |
| ૧૩. | કેમીકલ એકાઝામીન માટે કરવામાં આવેલ યાદી. | આંક–૯૫ |
| ૧૪. | કેમીકલ એકાઝામીન માટે કરવામાં આવેલ યાદી. | આંક–૯૬ |
| ૧૫. | પી.એસ.આઈ. શ્રી રાપરને કરવામાં આવેલ યાદી. | આંક–૯૭ |

| | | |
|---|---|---|
| ૧૬. | કેમીકલ એકાઝામીનર રાજકોટને કરવામાં આવેલ સેમ્પલો ની યાદી. | આંક-૯૮ |
| ૧૭. | ભોગ બનનારનો મેડીકલ રીપોર્ટ. | આંક-૯૯ |
| ૧૮. | જાણવા જોગ નં. ૫૦/૧૪ નો ઉતારો. | આંક-૧૨૩ |
| ૧૯. | તપાસ ડેપ્યુટ યાદી. | આંક-૧૨૪ |
| ૨૦. | મુદામાલ એફ.એસ.એલ. રાજકોટને મળ્યા અંગેની પહોંચ. | આંક-૧૨૮ |
| ૨૧. | તપાસ ડેપ્યુટ યાદી. | આંક-૧૩૦ |
| ૨૨. | ગુનો રજીસ્ટર કરવા બાબતની યાદી. | આંક-૧૩૬ |
| ૨૩. | હથિયારબંધીનું જાહેરનામુ. | આંક-૧૪૫ |
| ૨૪. | મેડીકલ ઓફીસરશ્રી, સરકારી હોસ્પીટલ રાપરને કરેલ યાદી. | આંક-૧૫૮ |
| ૨૫. | મુદામાલ પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ રવાનગીપત્રક, ના.પો.અ. શ્રી-ભચાઉના સત્તા અંગેના પ્રમાણપત્ર સાથે. | આંક-૧૫૯ |
| ૨૬. | ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર. | આંક-૧૬૦ |
| ૨૭. | મુદામાલ એફ.એસ.એલ. અહેવાલ. | આંક-૧૬૨ |

(૬) આ કામે બચાવપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**મૌખિક પુરાવાઓ**

| અ.નં. | સાહેદનું નામ. | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|
| ૧. | ડો. કૌશલેન્દ્રકુમાર ગુરૂચરનપ્રસાદ કુર્મી | ૧ | આંક-૧૮૭ |

**દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧. | રાપર પો.સ્ટે. ડા.એન્ટ્રી નં.૧૩/૨૦૧૪, તા. ૨૯/૫/૧૪ વાળીના કામે ભોગ બનનારનું મેડીકલ તપાસણી કરી સર્ટીફીકેટ આપવા બાબતની યાદી. | આંક-૧૦૨ |
| ૨. | દેવશી મોહન કોલીનો મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ (ઓપીડી કેસ પેપર) | આંક-૧૦૯ |
| ૩. | આરોપી દેવશી મોહન કોલી નું સી.એચ.સી. રાપરનું જનરલ ઈન્ફોર્મેશન. | આંક-૧૧૦ |
| ૪. | આરોપી દેવશી મોહન કોલી નું સહમતી પત્ર. | આંક-૧૧૧ |

| | | |
|---|---|---|
| ૫. | કરમશી મોહન કોલીનો મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ (ઓપીડી કેસ પેપર) | આંક–૧૧૨ |
| ૬. | કરશન મોહન કોલીનો મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ (ઓપીડી કેસ પેપર) | આંક–૧૧૩ |
| ૭. | દેવશી મોહન કોલીનો મેડીકલ એકઝામીનેશન રીપોર્ટ (ઓપીડી કેસ પેપર) | આંક–૧૧૪ |
| ૮. | ભોગ બનનારનું તા. ૨૯/૫/૧૪ નું નીવેદન. | આંક–૧૨૦ |
| ૯. | જાણવા જોગ ગુમ નોંધ. | આંક–૧૩૧ |
| ૧૦. | પહોંચ. | આંક–૧૪૩ |

(૭) હાલના કામે ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ આંક–૧૬૩ની પુરશીશ થી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં, ફરીયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ તહોમતદારોનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તહોમતદારોએ પોતાની વિરુધ્ધ રજુ થયેલ પુરાવાની આક્ષેપીત હકીકતો નો ઈન્કાર કરેલ છે. આ ઉપરાંત, તહોમતદારોએ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા હોવાનું જણાવેલ છે અને ઉપરોકત હકીકતોએ પોતાના બચાવનો પુરાવો રજુ રાખેલ છે.

(૮) આ કામે સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી આશિષ પી. પંડયાની દલીલો સાંભળી તથા તહોમતદારો તરફે વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એચ.જે. સોનપાર ની દલીલો સાંભળવામાં આવેલ છે.

સરકારપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ પંડયાએ રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષે ફરીયાદી તથા નજરે જોનાર મહત્વના સાહેદોનો પુરાવો રજુ રાખેલ છે અને તે સાહેદોના પુરાવાથી હાલના આરોપીઓ સામેના આક્ષેપોને સમર્થન મળેલ છે, તેમજ ફરીયાદપક્ષે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ઉપરથી તહોમતદારોએ એકસંપ કરી આ કામની ફરિયાદી ભોગ બનનારનુ અપહરણ કરી લઈ જઈ, આરોપી નં. ૧ નાએ ભોગ બનનારની સાથે તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ બળાત્કાર કરેલાની હકીકતો ફરિયાદ પક્ષે સબળ અને વિશ્વનીય પુરાવાથી પુરવાર કરેલ હોય, તેમજ ફરિયાદ પક્ષની આક્ષેપિત બાબતો અંગે આ કામે તપાસવામાં આવેલા મેડીકલ ઓફીસરના પુરાવાથી તથા એફ.એસ.એલ.ના પુરાવાથી પણ આરોપી નં. ૧ નાએ ભોગ બનનાર સાથે બળાત્કાર

કરેલાનું સાબીત થાય છે. વિ. એ.પી.પી. શ્રી એ પોતાની રજુઆતમાં જણાવેલ છે કે, હાલના આરોપીઓ સામેના ગુનાના આક્ષેપો ફરીયાદપક્ષના સાહેદોના મૌખિક પુરાવા ઉપરથી તેમજ દસ્તાવેજી પુરાવાઓથી સાબીત થયેલા છે જેથી આરોપીઓ ને તકસીરવાન ઠરાવી, સખતમાં સખત સજા કરવા રજુઆત કરેલ છે.

આ કામના આરોપી તરફે વિ.વ.શ્રી એ પોતાની રજુઆતમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદી અને સ્વતંત્ર સાહેદોએ નજીકના એકજ કુટુંબના સગાઓ છે. આ કામે ફરીયાદી/ભોગ બનનાર તથા બીજા સાહેદોનો જે પુરાવો રજુ થયેલ છે તેમાં આક્ષેપિત હકીકતો બાબતે મહત્વનો વિરોધાભાસ રહેલ છે અને ફરિયાદી અને અન્ય સાહેદના પુરાવાને મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી સમર્થન મળતુ નથી ત્યારે, ફરિયાદ પક્ષે હાલની ફરિયાદ એકમાત્ર આરોપીઓને હેરાન કરવા સારુ ખોટી હકીકતો ઉપજાવી કાઢી, ખોટી ફરિયાદ દાખલ કરી, ખોટો પુરાવો રજુ રાખેલ છે. પરંતુ, રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા ફરિયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપો શંકાથી પર પુરવાર કરી શકેલા ન હોય આ કામના તમામ આરોપીઓને નિર્દોષ ઠરવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૯) આ કામે બન્ને પક્ષની રજુઆતો અને પુરાવાઓને ધ્યાને લઈ, કેસના ન્યાય, નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

## મુદ્દાઓ

**મુદ્દા નં.૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તારીખ. ૨૪/૫/૨૦૧૪ ના રોજ રામવાવ ગામે રાત્રીના દશ વાગ્યે ફરીયાદી/ભોગ બનનાર બહેનના મોટા બાપા હીરા રણમલ વરચંદના ઘરે લગ્ન પ્રસંગ હોઈ જમણવાર માટે ગયેલ અને ત્યાંથી પરત રાત્રીના ૧૧–૦૦ કલાકે ભોગ બનનાર તેના મામા નારણ રણમલ વરચંદના ઘરે જવા નીકળેલ ત્યારે, શેરીની બાજુમાં વાસણ રણછોડ ઢીલાનું બંધ મકાન બાજુથી આરોપીઓએ એકસંપ કરી, આરોપીઓ પૈકી આરોપી નં. ૧ દેવશી એ છરી કાઢીને ભોગ બનનારને મારી નાંખવાની ધમકી આપીને કહેલ કે, મારે તારી સાથે જ લગ્ન કરવાના છે અને તને આજે તો લઈ જઈશું

અને આરોપીઓ પૈકી કરશન મોહન કોલીએ તેના હાથમાંની હોકી ભોગ બનનારને જમણા હાથનાં બાવડામાં મારેલ અને તમામ આરોપીઓ એ ભોગ બનનાર સાથે આરોપી નં. ૧ લગ્ન બાહ્ય સંભોગ કરશે તેવા ઈરાદા અને જ્ઞાન સાથે, ભોગ બનનારને બાવડાથી પકડી ને જીપ જેવી ગાડીમાં નાંખીને અપહરણ કરીને લઈ જઈ અને ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. ની ૩૬૬, ૫૦૬(૨), ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૨.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત બનાવના દિવસે રાત્રીના ભાગે આરોપીઓ સામખીયાળી ગામ પાસે પહોંચેલ તે બાદ આરોપીઓ પૈકી આરોપી નં. ૧ નાં એ ભોગ બનનારને ગાડીથી નીચે ઉતારેલ અને અંધારામાં બાવળની ઝાડીમાં લઈ જઈ ભોગ બનનાર ની સંમતી વગર બળજબરીથી આરોપી નં. ૧ નાએ બળાત્કાર, સંભોગ કરેલ તે બાદ આરોપી નં. ૧ નાએ સામખીયારી, અંજાર વિગરે જુદા-જુદા સ્થળોએ તા. ૨૯/૫/૨૦૧૪ સુધી લઈ ગયેલ અને ભોગ બનનારની સંમતી વગર બળજબરીથી આરોપી નં. ૧ ના એ બળાત્કાર, સંભોગ કરી અને તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો.ની કલમ-૩૭૬ સાથે વાંચતા કલમ ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૩.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ઉપરોકત બનાવના દિવસે, સમયે અને સ્થળે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં, આરોપીઓ પૈકી આરોપી નં. ૧ ના એ છરી તેમજ આરોપી નં. ૨ નાએ હોકી હથિયાર તરીકે ધારણ કરી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**મુદ્દા નં.૪.** શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧.** નકારાત્મક.

**મુદ્દા નં.ર.** નકારાત્મક.

**મુદ્દા નં.૩.** નકારાત્મક.

**મુદ્દા નં.૪.** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ થી ૩ :-**

**પ્રસ્થાપિત સિધ્ધાંતો.**

(૧૧) સૌપ્રથમ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા સંબંધે ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સમાં જે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત છે તે લક્ષમાં રાખવો જરુરી છે. નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા જે સિધ્ધાંતો પ્રતિપાદિત થયેલ છે તે તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના સિધ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરવાર કરવાની તમામ જવાબદારી પ્રોસીકયુશને નીભાવવાની છે. આરોપીઓ સામેના ગુન્હાઓ શંકારહીત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીઓ ને નિર્દોષ છે તેમ માનીને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની છે. નામદાર સુપ્રિમ કોર્ટે એવું પણ ઠરાવેલ છે કે, પ્રોસીકયુશનના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ હંમેશા આરોપી ને જ મળવાપાત્ર થતો હોય છે. આરોપી વિરુધ્ધની શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ શંકા એ શંકા જ રહે છે અને શંકા કદી પણ સચોટ, સબળ અને વિશ્વસનીય પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. આમ, ચર્ચા કર્યા મુજબના ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત ને નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસના પુરાવાની હું તુલનાત્મક દૃષ્ટિકોણથી ચર્ચા કરવી ન્યાયોચીત માનું છું.

**આક્ષેપિત ગુન્હો.**

(૧૨) હાલના કામે ઉભયપક્ષની રજુઆતો તેમજ આરોપીઓ વિરુધ્ધ રજુ કરવામાં આવેલ આંક-૧ નું ચાર્જશીટ તથા તે આધારે ફરમાવવામાં આવેલ આંક-૯ નું તહોમતનામું ધ્યાને લેતાં, હાલના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ-૩૭૬, ૩૬૬, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના સજાને પાત્ર ગુન્હાના આક્ષેપ છે.

## <u>ફરીયાદી–ભોગ બનનાર તેમજ સ્વતંત્ર સાહેદના પુરાવાની ચર્ચા :–</u>

(૧૩) આ કામે ફરિયાદ પક્ષે **આંક–૪૮ થી** આ કામના **ભોગ બનનાર–ફરિયાદી તે ખેંગારભાઈ વરંચદનાઓની દીકરી**ને સોગંદ ઉપર તપાસેલા છે. (હાલના કામે ભોગ બનનાર સ્ત્રીની ગરીમા જળવાય અને તેની ઓળખ છતી ન થાય તેવા હેતુથી ચુકાદામાં આવશ્યક તમામ જગ્યાએ ફરિયાદીને ભોગ બનનાર તરીકે સંબોધવામાં આવેલ છે.)

બનાવના અનુસંધાને તેણીની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેણી પોતાના મોટા બાપા હીરા રણમલ વરંચદને ત્યાં લગ્ન પ્રસંગમાં જમણવાર હતો ત્યાં ગયેલી અને રાત્રીના આશરે દશેક વાગ્યાનો સમય હશે. તેણીએ વધુમાં પુરાવો આપતા જણાવેલ છે કે, તેણી પોતાના મોટા બાપાના ઘરેથી જમી પરવારીને પોતાની માતા, ભાઈ, ભાભીની રજા લઈને તેણીના મામા નારણ રણમલના ઘરે ગીતો ગાવા જતી હતી તે સમયે, શેરીની બાજુમાં જયાં વાસણ રણછોડનું બંધ મકાન આવેલું હતું તે જગ્યાએ આ કામના આરોપીઓ દેવશી મોહન કોલી, કરમશી મોહન કોલી, કરશન મોહન કોલી અને નાસતો ફરતો આરોપી માદેવા જીવા કોલીનાઓ પૈકી ત્રણ જણા તેણીની પાસે દોડીને આવેલા અને આરોપી દેવશી મોહન કોલીએ તેણીનો ચોટલો પકડીને ઉભી રાખેલી અને આરોપી દેવશી મોહન કોલીએ તેણીને છરી કાઢી, મારી નાંખવાની ધમકી આપેલી હતી. આમ છતાં પણ ફરિયાદણ બાઈ નહીં માનતા આરોપી કરમશીએ તેણીનું બાવડું પકડી હોકી વડે માર મારેલો અને કરશન મોહન કોલીએ તેણીને ઘસડીને રોડ ઉપર લઈ ગયેલ તેવી હકીકત જણાવેલ છે અને આ જગ્યા ગઢવાડા રોડવાળો વિસ્તાર હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે. ફરિયાદી–ભોગ બનનારનો પુરાવામાં વધુમાં વંચાણે લેવામાં આવે તો, તેણીએ જણાવેલ છે કે, ત્યારબાદ આરોપી દેવશી મોહને ફોન કરીને એક સફેદ કલરની ખૂલ્લા ઠાઠા વાળી ગાડી મંગાવેલી જેમાં આગળના ભાગે તેણીને બેસાડી રાડો પાડવાની ના પાડી અને રાડો પાડીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી, આ ગાડીમાં તેણીને સામખીયાળી લઈ ગયેલ અને ત્યાં પહોંચ્યા બાદ ગાડી ઉભી રાખી, આરોપી દેવશી મોહન અને ફરિયાદી–ભોગ બનનારને ત્યાં ઉતારી દીધેલા. વધુમાં તેણીએ જણાવેલ છે કે, આ જગ્યાએ રાત્રીના ભાગે અંધારામાં આરોપી તથા તેણી બાવળોમાં રોકાયેલા હતા ત્યાં આરોપીએ તેણી સાથે સંભોગ કરેલો અને આરોપી તેણીને વારેઘડીએ મારી નાંખવાની ધમકી આપતો હતો અને ચીભડા પણ

ખવડાવતો હતો. સામખીયારી ખાતે સવારે દુકાનો ખુલતા, આરોપી પંજાબી ડ્રેસ લઈ આવેલો અને ફરિયાદીને જબરજસ્તીથી કપડા બદલાવેલા તેવી હકીકત જણાવેલ છે અને વધુમાં ફરિયાદીએ તેવો મહત્વનો પુરાવો આપેલો છે કે, ત્યારબાદ આરોપી તેણીને અમદાવાદ લઈ ગયેલો, ત્યાં રાત્રી રોકાણ કરી અને બીજા દિવસે સવારે ભરૂચ લઈ ગયેલો, ભરૂચથી અમદાવાદ થઈને પરત અંજાર આવેલા અને અંજાર ખાતે પણ રાતવાસો કરેલો. ત્યારબાદ દિવસે અંજાર ગામમાં આવેલા અને અંજાર ખાતે વરંડા જેવી કોઈ જગ્યાએ તેઓએ રાતવાસો કરેલો, તે વખતે પણ આરોપીએ ફરિયાદી સાથે સંભોગ કરેલો અને તેણીએ ભાગવાની કોશીષ કરેલી તે વખતે આરોપીએ છરી બતાવી તેણીને અહીં મારી નાંખીશ અને તારા ભાઈને ઘરે મારી નાંખીશ તેમ ધમકી આપી, કોથળીમાં રહેલા ફરિયાદીના કપડા વરંડા જેવી જગ્યાએ નાંખી દીધેલાનો આ ફરિયાદીએ પુરાવો આપેલો છે. ફરિયાદણ બાઈનો વધુમાં પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેણીએ અંજાર ખાતે વરંડામાં રોકાયા બાદ બીજા દિવસે સવારના ભાગે ઉઠી સૌપ્રથમ ચાંદ્રાણી ગયેલ અને ચાંદ્રાણીથી દુધઈ થઈને લોધેશ્વર પહોંચી ત્યાં ઉતરેલા ત્યાં આગળ તેણીના કાકા બીજલ રણમણ આવેલા અને તે તેણીને રાપર પોલીસ સ્ટેશને લઈ ગયેલા હતા અને ત્યાંથી ફરિયાદી પોતાની માસીના ઘરે ગયેલી જયાં તેણી રાત રોકાયેલી હતી. આ કામની ફરિયાદી ત્યારબાદ વધુમાં પુરાવો આપતા જણાવે છે કે, તેણીને માર મારવામાં આવેલો હોય પેટમાં દુ:ખાવો થતા તેણીએ પોતાની માસીને બનાવ સંબધે વાત કરેલી અને તેણીની માસી તેણીને રાપર સરકારી દવાખાને લઈ ગયેલી. ત્યાં તેણીના કાકા પણ હાજર હતા અને આ ડોકટરે પોલીસને ફોન કરી આ બાબતની જાણ કરતા, પોલીસ ત્યાં આવેલી અને તેણીએ બનાવ સંબંધે પોતાની ફરિયાદ નોંધાવેલી.

ફરિયાદીએ પોતાની જુબાની દરમિયાન આંક–૪૯ થી અસલ ફરિયાદ રજુ રાખેલ છે તેમજ તેણીની હાજરીમાં પોલીસે પંચો રૂબરૂ પંચનામું કરેલાની હકીકત જણાવેલી છે તેમજ બનાવ સમયે તેણીએ પહેરેલા કપડા, જે જગ્યાએ રોકાયેલા તે જગ્યાએથી વનસ્પતિ ના પાંદડાઓ, ડોકટરશ્રી ધ્વારા લેવામાં આવેલ સેમ્પલો તેમજ મુદામાલ છરી અને મુદામાલ આર્ટીકલ હોકી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેજ રીતે કોર્ટમાં હાજર આરોપીઓ ને આ ફરિયાદીએ ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષના કેસ મુજબ હાલની ફરિયાદી સાહેદ તે પોતે જ બનાવ કામે ભોગ બનનાર છે. તેણીની ફરિયાદના આધારે જ સમગ્ર ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ હોય ફરિયાદ પક્ષ માટે સદરહુ હાલના ફરિયાદી સાહેદનો પુરાવો ઘણો જ મહત્વનો બની રહે છે. આ સંજોગોમાં ફરિયાદીની જુબાનીના અનુસંધાને આરોપી પક્ષના વિધ્વાન વકીલ શ્રી સોનપાર ધ્વારા આ કામની ફરિયાદીની ઉંડાણપૂર્વકની વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલી છે. જેમાં, તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, આ કામના આરોપી દેવશી મોહન કોલીને તેણી છેલ્લા એક વર્ષથી ઓળખતી હતી અને આરોપી, જેરામ ભાઈની વાડીએ આવતો–જતો હોય તેમજ તે તેઓની વાડીએ પણ આવતો–જતો હોય તેણી આરોપી દેવશી મોહન કોલીને ઓળખે છે. ફરિયાદીએ એ હકીકતને પણ સમર્થન આપેલ છે કે, તેણીએ જણાવ્યા મુજબની આરોપીએ ધમકી આપેલી હોય તેવી વાત તેણીએ કોઈને કરેલી નહી, બનાવથી ત્રણ મહીના અગાઉ દેવશી અને તેણી વચ્ચે વાતચીત થયેલી, આરોપી દેવશીના પરિવાર અને તેણીના ભાઈ જેરામભાઈના પરિવાર વચ્ચે સારૂ બનતું હોવાથી તે લોકો વાડીએ રોકાતા હતા. લોધેશ્વર ચોકડીથી રાપર પોલીસ સ્ટેશને તેણીને લઈ જવામાં આવેલ ત્યારે પોલીસે તેણીની પુછપરછ કરેલી, આ સમય દરમિયાન પોલીસ સ્ટેશનમાં તેના કુટુંબીજનો હાજર હતા તેવી હકીકત જણાવી છે. વધુમાં, આ કામના ફરિયાદીએ એ હકીકતને પણ સમર્થન આપે છે કે, આરોપી સામખીયારી ખાતે જે ડ્રેસ લેવા માટે જે દુકાને ગયેલો તે દુકાન તેણીએ જોયેલી છે અને તેણી આરોપી સાથે આ દુકાન ઉપર ડ્રેસ લેવા ગયેલી તે સમયે આ દુકાન ઉપર અન્ય કોઈ વ્યકિતઓ હાજર ન હતા તેમજ આ દુકાન કઈ જગ્યાએ આવેલી છે તે અંગેની કોઈ વિગતો તેણીએ પોલીસને લખાવેલી નથી. તેણીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, જે જગ્યાએથી ડ્રેસ લેવામાં આવેલો તે દુકાનવાળાને, તેણીની સાથે આરોપીએ ગુનો આચરેલો હોવાની હકીકત જણાવેલી નહી તેમજ બાવળોની ઝાડીમાંથી દુકાન સુધી આવતા દરમિયાન રસ્તામાં માણસો મળેલા તેઓની પાસે તેણીએ કોઈ મદદ માંગેલી હોય તેવું બનેલું નથી. સામખીયારી બસ સ્ટેન્ડે આવીને જે બસમાં બેસેલા તે બસ કયા રૂટની હતી તે તેણીને ખબર નથી. આ બસમાં તેણી બારી પાસેની જગ્યાએ બેસેલી અને આ બસમાં અન્ય પેસેન્જરો પણ હાજર હતા. જે બસ અમદાવાદ ગયેલી અને અમદાવાદ જતા દરમિયાન કે બસ સ્ટોપ ઉપર ઉભી રહેવાના દરમિયાન, આખા રસ્તામાં તેણીએ કોઈપણ

વ્યકિતને પોતાની સાથે અનબનાવ બનેલ હોય કે ગુનો બનેલ હોવાની હકીકત જણાવેલી નહી તેનો સ્વીકાર કરેલ છે. આ રીતે ફરિયાદીએ રેલ્વે સ્ટેશન ખાતે રાત રોકાયેલા અને ત્યાંથી પગે ચાલીને બસ સ્ટેન્ડ બાજુ ગયેલા તે સમયે, ભરૂચ રેલ્વે સ્ટેશને રોકાયેલા તે સમયે અને અંજાર બસ સ્ટેશન રોકાયેલા તે સમયે અને આખરમાં લોધેશ્વર જતી બસમાં બેસેલા તે સમગ્ર સમયગાળા દરમિયાન તેણીએ કોઈપણ વ્યકિતને પોતાની સાથે બનાવ બનેલાની અને બચાવનો પ્રયત્ન કરેલ નહી હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં સદરહું ફરિયાદીએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે તેણી આશરે પાંચેક જેટલી રાત રાકાયેલી હતી અને આરોપી જયારે તેણીની સાથે સંભોગ કરેલો ત્યારે તેણીએ કોઈ બચાવ કરેલ હોય અને તેમાં તેણીને ઈજા થયેલી હોય તેમ બનેલ નથી.

જયારે આ કામના ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલો છે કે, લોધેશ્વર ચોકડી પાસે તેણીના પરિવારજનોએ તેણીને અને આરોપીને પકડી પાડેલ ત્યારે તેણીને અને દેવશી મોહનને માર મારેલો, રાપર પોલીસ સ્ટેશનમાં તેણીનું નિવેદન નોંધવામાં આવેલું, સામખીયારી ખાતે કપડા લેવા માટે દેવશી એકલો ગયેલો, મુસાફરી દરમિયાન તેણી અને આરોપી બન્ને એકલા જ પેસેન્જર તરીકે હતા અન્ય કોઈ પેસેન્જરો ન હતા. તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલો છે કે બનાવ પહેલાથી તેણી દેવશીને ઓળખતી હતી અને તેણી અને આરોપી દેવશી વચ્ચે પ્રેમ સંબંધ હોય તેણી પોતાની મરજીથી આરોપી સાથે ગયેલી, બનાવ અગાઉ પણ તેણી અને આરોપી નં. ૧ વચ્ચે શારીરિક સંબંધ રહેલા હતા. જયારે એ હકીકતનો પણ ઈન્કાર કરેલો છે કે તેણી પ્રથમ વખત રાપર પોલીસ સ્ટેશનમાં ગયેલી ત્યારે તેણી પોતે ખેતીવાડીનું કામકાજથી કંટાળી ગયેલ હોઈ તેથી તેણીના મિત્ર આરોપી દેવશી સાથે પોતાની મરજીથી બહાર ગયેલી હતી અને હાલની ફરિયાદ એક માત્ર તેણીની માસી અને કાકાના કહેવાથી અને દબાણવશ તેણીએ દાખલ કરાવેલી છે.

**(૧૪) આ કામે ફરિયાદ પક્ષે આંક–૪૪ થી સાહેદ દેવબેન ભચુ વરંચદ નાઓ ને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેણીની જુબાની વંચાણે લેવામાં આવે તો તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદણ બાઈ તેમની ભાણી થાય છે, આજથી અઢી વર્ષ પહેલા બનાવ બનેલો, તેમના જેઠ હીરા રણમલ ને ઘરે જમણવાર હતો, ફરિયાદણ બાઈ જમીને તેના મામાના છોકરાના ઘરે જતી હતી

ત્યારે દેવશી, કરમશી અને મોહન આ ત્રણે જણા રસ્તામાં વચ્ચે ઉભા હતા જેમાં એક વ્યકિત પાસે હોકી, એક પાસે છરી હતી અને તે લોકોએ ભોગ બનનારને પકડી અને નજીક એક રોડ હતો અને ત્યાં એક સફેદ જીપ આવેલી અને ભોગ બનનારને સામખીયારી આગળ રોડ પછી જંગલમાં ઉતારેલ અને દેવશીએ તેની સાથે ખરાબ વર્તન કરેલ અને ફરીને પાછા લઈ આવેલ હતા. પછી ગામમાં આવેલા અને રાપર લઈ ગયેલ હતા અને તેણી રાત્રે તેણીની પાસે રહેલ અને આ સાહેદે ફરિયાદણ બાઈને પુછેલ જેથી ફરિયાદીએ જણાવેલ કે તેણીની સાથે ખરાબ વર્તન કરેલું. તે દિવસે કહેલ કે તેણીને પીડા થાય છે અને માર મારેલ હતો જેથી દવાખાને લઈ ગયેલા અને ડોકટરે તપાસ કરેલી. પોલીસે પુછપરછ કરેલી ન હતી પરંતુ ફરિયાદણ બાઈની પુછપરછ કરેલી. આ સાહેદે આરોપીઓને ઓળખી બતાવેલ છે.

આ સાહેદની આરોપી પક્ષના વિધ્વાન વકીલ શ્રી સોનપાર ધ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલી છે. જેમાં તેણી એ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી, પોલીસને તેણીએ કાંઈ લખાવેલ નથી, તેણીએ જે લખાવેલ છે તે ફરિયાદણબાઈ પાસેથી સાંભળીને લખાવેલ છે. આ સાહેદે એ સ્વીકારેલ છે કે, હાલના આરોપીઓ આ કહેવાતા બનાવથી અગાઉ તેઓના ખેતરની બાજુમા ખેતર મજુરી કરતા હતાં ત્યારથી ઓળખે છે. આરોપીઓ અવાર–નવાર તેઓની અને કુંવરબેનની વાડીએ આવતા જતા હતા અને તેમના પરિવાર સાથે તેઓને સારા સંબંધો હતા. આ સાહેદે હાલની ફરિયાદ, આ કામના આરોપી નં. ૧ ના પિતાએ દાખલ કરેલ અપહરણની ફરિયાદના અનુસંધાને ખોટી રીતે દાખલ કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

**(૧૫) ફરિયાદ પક્ષે આંક–૫૪ થી સાહેદ ગોપાલભાઈ ગણેશાભાઈ વરચંદ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદણ બાઈ તેમના કાકાઈ ભાઈની દીકરી એટલે કે પૌત્રી થાય છે, આજથી લગભગ પોણા ત્રણ વર્ષ પહેલા બનાવ બનેલ જેમાં તેમના કૌટુંબીક હીરા રણમલને ત્યાં લગ્ન પ્રસંગ હતો અને જમણવારમાં રાત્રીના ફરિયાદણ બાઈ કયાંક રાત્રીના ચાલ્યા ગયેલા અને બીજે દિવસે સવારે તેઓ દુકાને હતા ત્યારે તેમના ભત્રીજા બીજલ રણમલ આવેલા અને જણાવેલ કે રાત્રીના ફરિયાદણ બાઈ કયાંક ચાલી ગયેલ છે. ત્યારબાદ સવારના બીજલ રણમલે રાપર પો.સ્ટે. માં

ગુમ નોંધ લખાવેલી હતી અને તેના બીજા અને ત્રીજા દિવસે છોકરીની તેઓ બધા શોધખોળ કરતા હતા ત્યારે ભચાઉ વિસ્તારમાંથી ફરિયાદણબાઈ અને દેવશી કોલી મળેલા. તેઓને રાપર પો.સ્ટે. મોકલેલા. ત્યારબાદ બીજા દિવસે તેઓનો ભત્રીજો લાલા રણમલ તેમની પાસે આવેલ અને જણાવેલ કે ફરિયાદણબાઈ તેની માસી દેવીના ઘરે છે અને તેને દુ:ખાવો થાય છે તેથી તેઓ તેને સરકારી હોસ્પીટલ રાપર લઈ ગયેલા હતા. ડોકટરે તેણીની તપાસણી કરેલી અને ડો. સાહેબે પો.સ્ટે. માં આ બાબતે ફોન કરેલો હતો અને ફરિયાદણ બાઈ સાથે જે બનાવ બનેલો તે સંબંધે ફરિયાદ લખાવેલી. આરોપીઓ કોર્ટમાં હાજર હોઈ ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષ તરફના વિ. વકીલશ્રીએ આ સાહેદની ઉલટ તપાસ કરતા આ સાહેદે એ સ્વીકારેલ છે કે ફરિયાદણ બાઈને દુ:ખાવો કયાં થાય છે તે તેમને વાત કરેલી નહી, ફરિયાદણબાઈ જયારે ગુમ થઈ ગયેલી ત્યારે તેના કાકાએ ગુમનોંધ લખાવેલી, તેઓનું નિવેદન ફરિયાદણ બાઈને સારવાર માટે લઈ ગયેલા તે જ દિવસે પોલીસે લીધેલું, સરતપાસમાં લખાવેલ કે ફરિયાદણબાઈ સાથે બદકામ અને અપહરણ થયેલું તે વાતની ચર્ચા ફરિયાદણ બાઈ સાથે તેમની થયેલી નથી, આરોપી દેવશી આ ફરિયાદણ બાઈના ખેતરના બાજુના ખેતરમાં ખેત મજુરી કરતો અને તે રીતે તેઓ તેને ઓળખે છે. આ સાહેદે ભોગ બનનારબેનને હાથમાં જે દુ:ખાવો થતો હતો તે વેલાભાઈ ધનાભાઈ વરચંદ, બીજલ રણમલ વરચંદ, ખેંગારભાઈ ઉર્ફે ખંગારભાઈ પેથાભાઈ વરચંદ તથા હરીભાઈ બેચરાભાઈ સોનારાએ માર મારેલ હોવાને કારણે થયેલો હતો તેનો ઈન્કાર કરેલ છે તેમજ આરોપી દેવશીના ભાઈનું અપહરણ કરીને આ વ્યકિતઓ લઈ ગયેલા તે બાબતે ભચાઉ પો.સ્ટે. ગુ.રજી. નં. ફર્સ્ટ ૮૯/૨૦૧૪ ની ફરિયાદની સામે હાલની આ ખોટી અને ઉપજાવી કાઢેલી ફરિયાદ કરવામાં આવેલ છે તેનો ઈન્કાર કરેલ છે.

(૧૬) **આ કામે ફરિયાદ પક્ષે આંક–૫૫ થી સાહેદ કુંવરબેન ખેંગારભાઈ વરચંદ ના ઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેણીની જુબાની વંચાણે લેવામાં આવે તો તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી લગભગ પોણા ત્રણ વર્ષ પહેલા બનાવ બનેલો, તેણીની દીકરી–ફરિયાદણ અને દીકરી પુરી, હીરા રણમલના ઘરે વિવાહ પ્રસંગે જમણવારમાં ગયેલા અને બીજા દિવસે સવાર થતા તેણીની દીકરી–ફરિયાદણ ગીતો ગાવા મામાના ઘરે ગયેલી હતી તે પરત આવેલી નહી જેથી તેમણે તેમના મોટા બાપાના ઘરે અને ત્યારબાદ આજુબાજુમાં શોધખોળ કરતા મળી આવેલ

નહી અને કોઈ પતો મળેલો નહી. આ સાહેદે તેમની દીકરીની ગુમ નોંધ રાપર પોલીસમાં લખાવેલી અને બે–ત્રણ દિવસ બાદ તેણીની દીકરી–ફરિયાદણ અને દેવશી મોહન કોલી, તપાસ કરતા ભચાઉ તાલુકાના ભરૂડીયામાંથી મળી આવેલા અને તેમને રાપર પોલીસ પાસે રજુ કરેલા. તેઓની ફરિયાદણ દિકરી તેમની બેન દેવીના ઘરે આવેલી અને તેમની દીકરીને બહુ મારેલ અને બળાત્કાર કરેલ હતો તે બેભાન જેવી સ્થિતિમાં હતી અને એક કલાક બાદ તેમની દીકરીએ તેમની બેન દેવીને બનાવ બાબતે વાત કરેલી હોવાનું જણાવેલ છે. આ સાહેદે આરોપીઓ કોર્ટમાં હાજર હોઈ ઓળખી બતાવેલ છે. આ સાહેદની બચાવ પક્ષ તરફના વિ.વકીલશ્રીએ કરેલી ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેમની દીકરી –ફરિયાદણ મળી ન આવી તો પણ તેણી રાપર પોલીસ સ્ટેશનમાં અરજી કરવા માટે ગયેલી નહી, તેમના દીયર બીજલભાઈએ તેમની દીકરી ગુમ થયાની નોંધ રાપર પો.સ્ટે. માં લખાવેલી, તેમના દીયરને તેણીની દીકરી–ફરિયાદણ ઘરે ન હોવાની માહીતી આપેલી તેથી તેમને હકીકતની જાણ થયેલી. આ સાહેદને તેઓની દીકરી દેવીબેનના ઘરે મળેલી ત્યારે તેના શરીરે કઈ કઈ જગ્યા ઉપર ઈજાના નિશાન હતા તે તેણી કહી શકે નહી તેમ જણાવેલ છે. તેમના નિવેદન સમયે પોલીસવાળા સાથે અન્ય લોકોમાં તેમની બેન દેવીબેન, દીકરી–ફરિયાદણ અને લાલાભાઈ હાજર હતા. તેઓ આ આરોપીઓને બનાવથી છ મહીના પહેલાથી ઓળખતા હતા, આ સાહેદ દેવશીના ભાઈ મનજીને ઓળખે છે. આ સાહેદે મનજીનું અપહરણ કરીને તેમના દીયર બીજલ રણમલ તથા વેલા ધના વરચંદ વિગેરે લોકો ભરૂડીયા વાડી વિસ્તારમાં લઈ ગયેલા અને તેને બાંધી રાખેલો અને મારેલાની ફરિયાદ દેવશીના પિતાએ ભચાઉ પો.સ્ટે.માં લખાવેલી તેનો ઈન્કાર કરેલ છે. તે હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તે જ દિવસે તેમના દિયર બીજલભાઈ અને વેલા ધના વિગેરે લોકોએ ભેગા મળીને દેવશી તથા તેણીની દીકરી–ફરિયાદણ પકડીને ભરૂડીયા વાડી વિસ્તારમાં લઈ આવેલા હતા અને પછી રાપર પો.સ્ટે. માં રજુ કરેલા. આ સાહેદે ભચાઉમાં ફરિયાદ થવાના કારણે તેમના દીયર બીજલભાઈએ ભોગ બનનારને મારકુટ કરીને રાપર પો.સ્ટે. માં લઈ જઈને ખોટી ફરિયાદ લખાવેલી તેનો ઈન્કાર કરેલ છે.

**(૧૭) આ કામે ફરિયાદ પક્ષે આંક–૬૪ થી સાહેદ લાલાભાઈ રણમલભાઈ વરચંદ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવને ત્રણેક વર્ષ

થયેલ છે. તેમના ગામમાં હીરાભાઈને ત્યાં જમણવાર હોય જેથી તેઓ તથા તેમની ભત્રીજી ભોગ બનનાર અને બીજા પણ જમણવારમાં ગયેલા અને ત્યાંથી તેમની ભત્રીજી ભોગ બનનાર ગુમ થયેલ, જેથી ભોગ બનનારના મામા તથા માસીના ઘરે તપાસ કરેલી પણ મળી આવેલ નહી, આજુબાજુમાં તપાસ કરતા કયાંય મળી આવેલ નહી. તેમના ભાઈ બીજલે રાપર પોલીસ સ્ટેશનમાં તેમની ભત્રીજી ભોગ બનનાર ગુમ થયેલ હોવાની ગુમ નોંધ લખાવેલ અને તપાસ કરેલી. ત્યારબાદ ચાર–પાંચ દિવસ બાદ તેમની ભત્રીજી ભોગ બનનાર ભચાઉ ની સીમમાં દેવશી મોહન કોલી સાથે મળી આવેતા દેવશી મોહન કોલી તથા ભોગ બનનાર ને રાપર પોલીસ સ્ટેશનમાં રજુ કરેલા, પોલીસવાળએ ભોગ બનનારને તેની માસીના ઘરે પરત મોકલી દીધેલી અને તેણીના માસીના ઘરે રોકાયેલી. ભોગ બનનારને બહુ પીડા થતી હોય તેથી આ સાહેદ, ગોપાલભાઈ, ગણેશાભાઈ, દેવીબેન એમ ત્રણેય ભોગ બનનારને રાપર દવાખાને સારવાર માટે લઈ ગયેલા, ભોગ બનનારને પીડા થતી હોઈ ડોકટર સાહેબે તેની સારવાર કરેલી અને પોલીસ સ્ટેશનમાં જાણ કરેલી, પોલીસ સ્ટેશનમાં થી સાહેબ આવેલા અને ભોગ બનનારે ફરિયાદ લખાવેલી અને ભોગ બનનારે હકીકત લખાવેલી અને જણાવેલ કે તેને સામખીયારીથી દેવશી મોહન કોલી અમદાવાદ, ભરૂચ અને ભરૂચથી પરત અંજાર લાવેલ અને તેણે તેમની ભત્રીજી ભોગ બનનાર ને મારકુટ કરેલ અને તેની સાથે બળાત્કાર કરેલ. પોલીસે તેણીનું નિવેદન લીધેલ. નામ. કોર્ટમાં દેવશી મોહન કોલી તથા કરમશી મોહન કોલી હાજર હોઈ ઓળખી બતાવેલ છે અને બીજા આરોપીઓ કોર્ટમાં હાજર નથી તેમ જણાવેલ છે.

આ સાહેદની બચાવ પક્ષ તરફના વિ.વકીલશ્રીએ કરેલી ઉલટ તપાસમાં જણાવેલ છે કે, **તેઓ લોધેશ્વર ચોકડીએથી ભોગ બનનારબેન મળી આવેલ ત્યારે હાજર ન હતા.** બીજલભાઈ તેમના સગા નાના ભાઈ થાય છે. આ સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમના સમગ્ર પરીવારમાં મુખ્ય વ્યકિત તરીકે કામગીરી બીજલભાઈ કરે છે તેમજ તેમના કુટુંબમાં કોઈપણ કામગીરી કરવી હોય તો બીજલભાઈ તેમની મરજીથી અને મનમાનીથી કરે છે. એ હકીકત કબુલ કરેલ છે કે, પરીવારના કોઈ પ્રશ્ન માટે કોઈપણ કામ કરવાનું હોય તો બીજલભાઈ પરીવારના બધા ભાઈઓને ભેગા કરી પરીવારને ભેગુ કરી પછી શુંકામ કરવું તે નકકી કરીને કામ કરે, ગુમ નોંધ નં. ૪/૧૪ વાળી દાખલ કરવા માટે તેઓ બધા ભાઈઓ ભેગા મળી નકકી કરેલ અને ત્યારબાદ બીજલભાઈએ દાખલ કરાવેલ. આ ગુમ નોંધ દાખલ

કરાવવા બીજલભાઈ એકલા ગયેલા ત્યારે તેમના પરિવાર સિવાય અન્ય કોઈ હાજર ન હતું. તેમને બીજલભાઈએ ગુમ નોંધમાં શું લખાવેલ તે આવીને જણાવેલ નહી તથા તેમણે પુછેલ નહી. એ હકીકત કબુલ કરેલ છે કે, ભોગ બનનારને જયારે રાપર પોલીસ સ્ટેશનમાં લઈ આવેલા ત્યારે ત્યાં તેઓ હાજર ન હતા, તેમને તે જ દિવસે બપોરના સમયે તેઓ ગામમાં ગયા ત્યારે ગામમાં બીજા ભાઈઓ મારફતે ભોગ બનનારબેન મળ્યાની ખબર પડેલી. તેઓ ભોગ બનનારને બીજા દિવસે સવારે આઠેક વાગ્યાની આસપાસ મળેલા. તેઓ ભોગ બનનારને દેવીબેનને ત્યાં મળેલા ત્યાં દેવીબેન, તેઓ અને ભોગ બનનાર સિવાય અન્ય કોઈ હાજર ન હતું. તેઓ દેવીબેનના ઘરે ગયા તેના અડધા કલાક પછી ભોગ બનનારને લઈને રાપર લઈ જવા માટે નીકળેલા. દેવીબેનના ઘરેથી રાપર હોસ્પીટલ જવા માટે અંદાજીત એકાદ કલાક જેટલો સમય લાગે, તેઓ હોસ્પીટલ પહોંચ્યાના અડધો કલાકના સમય બાદ ડોકટર સાહેબે ભોગ બનનારની તપાસ કરેલી. **સાહેદે જણાવેલ છે કે, તેમણે જયારે ભોગ બનનારને જોયેલ ત્યારે ભોગ બનનારનો ડાબો હાથ સુજેલો હતો, આંખ પાસે સોજો હતો, તે સોજા પર કેવો કલર હતો તે તેમણે જોયેલ નહી, પણ આંખ લાલ હતી તે સિવાય બીજા કોઈ ઈજાના નિશાનો ભોગ બનનારને થયેલ નહી.** સાહેદે જણાવેલ કે ભોગ બનનારને જયારે લોધેશ્વર ચોકડીથી રાપર લઈ ગયેલ ત્યારે તેઓ હાજર ન હતા.

**(૧૮) આ કામે ફરિયાદ પક્ષે આંક–૭૪ થી સાહેદ પુરીબેન ખેંગાભાઈ વરચંદ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેણીની જુબાની વંચાણે લેવામાં આવે તો તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની બહેન ભોગ બનનારના લગ્ન થઈ ગયેલા છે. આજથી લગભગ ત્રણેક વર્ષ પહેલા બનાવ બનેલો, તેમના મોટા બાપાના ઘરે લગ્ન પ્રસંગે તેણી અને ભોગ બનનાર જમણવાર માટે ગયેલા અને તેમની બેન ભોગ બનનાર તેમના મામાના ઘરે ગીતો ગાવા જતી હતી અને તેણે રામ રામી (એક પકારનું પરંપરાગત ઘરેણું) તેણીને આપી અને કહેલ કે તેણી મામાના ઘરે ગીતો ગાવા જાય છે તેમ કહી ભોગ બનનાર મામાને ઘરે ગીતો ગાવા ગયેલ અને પોતે સુંઈ ગયેલ હતી. બીજા દિવસે ભોગ બનનાર ઘરે ન આવતા તેણી તથા તેણીના કાકા શોધખોળ કરતા હતા અને મળી ન આવતા તેમના કાકાએ રાપર પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધ લખાવેલી અને સગા સંબંધીઓ શોધખોળ કરતા હતા તેના બીજા દિવસે તેમને જાણ થયેલી કે ભોગ બનનાર મળી ગયેલી છે, હાલે તે દેવીમાસીના ઘરે છે અને જે હકીકત હતી તે ભોગ

બનનારે તેણીને જણાવેલ. ત્યારબાદ તેમના કાકા તથા માસી ભોગ બનનાર ને દવાખાને લઈ ગયેલા અને ભોગ બનનારે રાપર પોલીસ સ્ટેશનમાં આ બનાવની ફરિયાદ લખાવેલી. આ સાહેદ આરોપીઓને ઓળખતા હોવાની હકીકતો જણાવેલ છે. બચાવ પક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરતા આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, **જયારે તેમના કાકા બીજલભાઈ ઘરે આવેલા ત્યારે તેમની મમ્મી કુંવરબેન તેઓની રૂબરૂમાં તેમને જણાવેલ કે રાત્રે તેઓ બધા જમીને સુઈ ગયા બાદ સવારે ઉઠીને જોયેલ તો ભોગ બનનાર ઘરે નહતી.** સાહેદે જણાવેલ છે કે જયારે ભોગ બનનાર દેવીમાસીના ઘરે આવેલી ત્યારે તેણી ભોગ બનનારને મળવા માટે ગયેલી, તેમની સાથે તેમની માતા, તેમના કાકાઓ જેમા લાલાભાઈ, બીજલભાઈ તથા તેમની દેવી માસી એમ ભોગ બનનાર ને મળવા ગયેલા ત્યારે સાંજનો સમય હતો. સાહેદે એ કબુલ રાખેલ છે કે આરોપીઓ જેરામભાઈની વાડીએ કામ કરતા હતા તેથી તેણી ઓળખે છે.

**(૧૯) આ કામે ફરિયાદપક્ષે આંક–૭૫ થી સાહેદ બીજલભાઈ રણમલભાઈ વરચંદનાઓ ને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તેમની ભત્રીજી તે ખેગાભાઈની દીકરી ભોગ બનનાર સાથે બનેલો જે આજથી લગભગ ત્રણ સવા ત્રણ વર્ષ આસપાસ બનેલો. તેમના મોટાભાઈના ઘરે લગ્ન પ્રસંગનો જમણવાર હતો ત્યાં આગળ રાત્રે તેઓ બધા ઘરના જમવા માટે ગયેલા, જમીને તેઓ તેમના ઘરે ગયેલા અને ખેંગાભાઈની છોકરીઓ એમ બધા જમવા ગયેલા, જમીને તેઓ તેમના ઘરે આવેલા, ખેંગાભાઈની પત્ની અને એક પુત્રી ઘરે ગયેલા, ભોગ બનનાર તેના મામાને ત્યાં લગ્ન પ્રસંગ હોય ગીત ગાવાનો પ્રસંગ હોય ગીત ગાવા માટે નીકળેલી. બીજા દિવસે સવારના સમયે ભોગ બનનાર મળી ન આવતા તેણીની તેમના મામાના ઘરે પુછા કરેલી તેમજ તેઓએ આજુબાજુ તપાસ કરેલી, તપાસ કરતા ભોગ બનનાર ન મળતા ૨૮મી તારીખના રોજ રાપર પો. સ્ટે. માં ગુમ નોંધ લખાવેલી. ગુમનોંધ લખાવીને તારીખ ૨૯ મી ના રોજ ભચાઉની આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરતાં લોધેશ્વર પાસેથી દેવશી મોહન કોલી અને ભોગ બનનાર તેમને મળી આવેલા, ગુમ નોંધ હોય તેઓ તે લોકોને પોલીસ સ્ટેશનમાં હાજર કરેલા અને ત્યારબાદ ભોગ બનનારને તેની માસી દેવીબેન ના ઘરે મોકલી આપેલી. તેઓને પોલીસના સાહેબે કહેલ કે તમને દેવશી ભચાઉથી મળી આવેલ હોય ત્યાં ભચાઉ પોલીસમાં મોકલી આપો, પોલીસ સ્ટાફના માણસો

તેઓની સાથે આવેલા, તે સમયે દેવશી મોહનના પિતાજીએ અને સગા સંબંધીઓએ તેમના વિરૂઘ્ધ અપહરણની ફરિયાદ નોંધાવેલી અને ત્યાં તેઓને અટક કરેલા. ભોગ બનનારને વાત કર્યા પછી દેવીબેન, લાલાભાઈ, ગોપાલભાઈ, ભોગ બનનારને રાપર સરકારી દવાખાને લઈ ગયેલ ત્યાં ડોકટર સાહેબે પોલીસને બોલાવેલ અને ભોગ બનનારે ફરિયાદ લખાવેલી અને ભોગ બનનાર ની સારવાર કરી દવા આપેલી. આરોપીઓને તેઓ ઓળખે છે. બચાવ પક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરતા આ સાહેદે જણાવેલ છે કે, ભોગ બનનાર તા. ૨૪/૫/૧૪ ના રોજ રાત્રે દસ વાગ્યે ગુમ હતા તે બાબતની તેમને તેમના ભાભી કુવરબેને ગામમાં રૂબરૂ મળીને વાત કરેલી, તેઓ જાણવા જોગ લખાવવા રાપર પોલીસ સ્ટેશનમાં ગયેલા અને તેમના લખાવ્યા મુજબ જાણવા જોગ પોલીસે લખેલી, તેમને જાણવા જોગ (ગુમ નોંધ) પોલીસે વાંચી સંભળાવેલી અને તે બરાબર તેમના લખાવ્યા મુજબની હતી. સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, **જાણવા જોગમાં પોલીસે પોતાની રીતે કોઈ ઉમેરો કરેલો ન હતો, આ જાણવા જોગ ગુમનોંધમાં નીચે તેમની સહી કરેલી છે તે તેમની સહી છે.** આ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, આ ગુમ નોંધમાં તેમણે એવુ લખાવેલ કે, **''તા. ૨૫/૫/૧૪ ના રોજ હું મારા ઘરે વાડી ઉપર હતો ત્યારે મારા મોટાભાઈ ખેંગાભાઈની પત્ની કુવરબેનનો ફોન આવેલ ને જણાવેલ કે મારી દીકરી ભોગ બનનાર જે ઘરેથી રાત્રીના કોઈપણ સમયે ચાલી ગયેલી છે.''** સાહેદે એ કબુલ રાખેલ છે કે, **લોધેશ્વર ચોકડીથી રાપર પોલીસ સ્ટેશન ભોગ બનનારને લઈ ગયેલા તે દરમિયાન ભોગ બનનાર એ બનાવની કોઈ હકીકત જણાવેલ નહી.**

**(૨૦) આ કામે ફરિયાદ પક્ષે આંક–૭૮ થી સાહેદ જેરામભાઈ ભચુભાઈ વરચંદ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ત્રણ વર્ષ પહેલા બનાવ બનેલો હતો, દેવશી મોહન કોલી અને તેના બે બીજા ભાઈઓ ભોગ બનનારને લઈને ભાગી ગયેલા હતા, ભોગ બનનારના મોટાબાપાને ત્યાં જમણવાર હતો અને ત્યાંથી ભોગ બનનાર મામાના ઘરે ગીતો ગાવા જતી હતી અને રસ્તામાં આ લોકો બળજબરી કરી ઉપાડી ગયેલા, ભોગ બનનારને જુદા જુદા શહેરોમાં લઈ ગયેલા. જેથી ભોગ બનનારે તેની માસીને જણાવેલ કે દેવશીએ બળાત્કાર કરેલો છે અને દેવશી અને ભોગ બનનાર લોધીળા થી મળી આવેલા અને ત્યાર બાદ તે લોકોને રાપર મુકેલા અને દેવશીને ભચાઉ મુકેલા અને તેમના માણસો

પોલીસ સ્ટેશન મુકી આવેલા. તેમના કુટુંબીજનોએ તેમને જાણ કરેલી જેથી તેઓ ભોગ બનનારને શોધવા ગયેલા. આરોપી દેવશી મોહન તેમની વાડી ઉપર કામ કરતો હતો તેથી ઓળખે છે જે કોર્ટમાં હાજર છે તેમજ આરોપી કરમશી કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે. બચાવ પક્ષ તરફથી આ સાહેદની ઉલટ તપાસ કરતા સાહેદે જણાવેલ છે કે લોધેશ્વરથી પોલીસ સ્ટેશન પહોંચતા તેમને આશરે એકાદ કલાક જેટલો સમય થયેલો. વધુમાં જણાવે છે કે, ભોગ બનનારે જયારે પોલીસ સ્ટેશનમાં નીવેદન આપેલું ત્યારે તેઓ હાજર ન હતા.

**(૨૧) આ કામે ફરિયાદ પક્ષે આંક–૭૯ થી સાહેદ વેલાભાઈ ધનાભાઈ વરચંદ ના ઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ત્રણ વર્ષ પહેલા બનાવ બનેલો. દેવશી, ભોગ બનનારનું અપહરણ કરી ગયેલો. ભોગ બનનાર ગીતો ગાવા તેના મામાના ઘરે ગીતો ગાવા ગયેલી હતી અને ભોગ બનનારને દેવશી તથા બીજા બે–ત્રણ જણા ધાક–ધમકી કરીને ઉપાડી ગયેલા. તે બાબતની ગુમનોંધ બીજલભાઈએ લખાવેલી હતી. તેઓને સમાચાર મળતા શોધખોળ માટે નીકળેલા, તે દરમિયાન તેઓને એવા સમાચાર મળેલા કે ભોગ બનનાર અને દેવશી લોધેશ્વર છે, પછી તેઓ લોધેશ્વર ગયા ત્યારે તેઓને ભોગ બનનાર અને દેવશી મળેલા, પછી તેઓ રાપર પોલીસ સ્ટેશન આવેલા. આ બનાવની જાણ તેમને આજુબાજુના સમાજના માણસોથી થયેલી. આરોપી દેવશી મોહન કોર્ટમાં હાજર છે, બીજા આરોપીઓને તેઓ ઓળખતા નથી તેમ જણાવેલ છે.

**આ સાહેદે ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ ન હોઈ ફરી ગયેલા જાહેર થયેલ છે તેમજ કોર્ટની પરવાનગી મેળવીને એવીડન્સ એકટની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો સરકારી વકીલશ્રીએ પુછતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે.**

આ સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં સાહેદે સ્ટે.ડા. એ. નં. ૧૩/૧૪ વાળી અરજીમાં પોતાની નં. ૧ વેલા ધના વરચંદ ના નામ સામેની સહી ઓળખી બતાવેલ છે. સાહેદે તે વખતે ભોગ બનનારને જોયેલી હતી ત્યારે ભોગ બનનારના શરીર ઉપર ઈજાના કોઈ નીશાનો જોયેલા ન હતા તેમ જણાવેલ છે.

(૨૨) **આ કામે ફરિયાદ પક્ષે આંક–૮૦ થી સાહેદ લાલભાઈ પાંચાભાઈ મણવર નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ત્રણેક વર્ષ પહેલા બનાવ બનેલો, બનાવમાં નારણ રણમલના ઘરે લગ્ન હતા ત્યાં છોકરી જતી હતી ત્યાંથી દેવશી મોહન ભોગ બનનારને લઈને ચાલ્યો ગયેલો, બાદ ચાર–પાંચ દિવસ પછી ભચાઉ જતા હતા અને રસ્તામાં તેમને ભોગ બનનાર અને દેવશી જોવા મળેલા, તેઓ ભોગ બનનાર અને દેવશીને લઈને રાપર પોલીસ સ્ટેશનમાં હાજર કરેલા, બન્ને જણાને પોલીસ સ્ટેશનમાં મુકીને તેઓ તેમના ઘરે આવતા રહેલા પછી આગળ શું થયુ તે તેમને ખબર નથી તેવી હકીકતો જણાવેલ છે.

**આ સાહેદે ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ ન હોઈ ફરી ગયેલા જાહેર થયેલ છે તેમજ કોર્ટની પરવાનગી મેળવીને એવીડન્સ એકટની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો સરકારી વકીલશ્રીએ પુછતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે.**

આ સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં તેમના વિરૂધ્ધ ભચાઉ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલો અને તેમાં તેમની ધરપકડ કરવામાં આવેલી, સવા ત્રણ વર્ષ પહેલા ભચાઉ પોલીસે તેમની ધરપકડ કરેલી, તે ગુના કામે તેઓ સામેથી હાજર થવા પોલીસ સ્ટેશન ગયેલા, તેમને ભચાઉ પોલીસ સ્ટેશનમાં જવાનું છે તેવું પોલીસવાળાએ જણાવેલ તેનું નામ આપી શકે નહી, તેમની સાથે બીજા બીજલભાઈ, જેરામભાઈ, વેલા ધના આવેલા એમ કુલ ચાર જણા હતા, એ ગુનો તેમના ઉપર શેનો થયેલો તે તેમણે પોલીસવાળા ને પુછેલ નહી, તેઓ તે ગુના કામે એક દિવસ પોલીસ સ્ટેશનમાં હતા, હાલના કેસના ફરિયાદી ભોગ બનનારના બનાવની તેમને જાત માહીતી નથી તેનો સ્વીકાર કરેલ છે.

(૨૩) **આ કામે ફરિયાદ પક્ષે આંક–૮૫ થી સાહેદ હરીભાઈ બેચરાભાઈ સોનારા નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ત્રણેક સવા ત્રણ વર્ષ પહેલા હીરા રણમલને ત્યાં જમણવાર હતો તેમાં છોકરી ભોગ બનનાર ગયેલી, જમણવારથી વળીને તેના મોટાબાપાના ઘરે ગીતો ગાવા જતી હતી, બીજે દિવસે સવારે ખબર પડી

કે છોકરી કયાંય મળી આવેલ નહી, તેના કુટુંબીજનો જેમાં બીજલ, લાલો વગેરેએ શોધખોળ ચાલુ કરેલી અને બે–ત્રણ દિવસ સુધી તેની શોધખોળ ચાલુ રાખેલી, તેઓ તેની શોધખોળ કરતા કરતા ભચાઉ આવેલા અને લોધેશ્વર પાટીયાની બાજુમાં દેવશી કોલી અને છોકરીને ત્યાં બન્ને સાથે મળેલા અને ત્યાંથી તેઓ તેને રાપર પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા અને રાપર થી ભચાઉ મોકલી આપેલા, બીજા દિવસે આ છોકરીને તેની માસી દેવીબેનના ઘરે મુકી આવેલા. ત્યારબાદ ભોગ બનનારે બનાવ બાબતની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી.

આ સાહેદે આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં **ભોગ બનનારની રાપર પોલીસ સ્ટેશનમાં બીજલભાઈએ ગુમ નોંધ લખાવેલી તેની તેમને ખબર છે** તેનો સ્વીકાર કરેલ છે. સાહેદે છોકરો અને છોકરી તેઓને લોધેશ્વરથી મળ્યા ત્યારે બપોરનો ટાઈમ હતો તેમ જણાવેલ છે. વધુમાં, **સાહેદે આરોપી દેવશીને ત્યારે કાંઈ લાગેલું ન હતું અને સ્વસ્થ હતો, ભોગ બનનાર પણ સ્વસ્થ હતા, સાહેદ જણાવે છે કે ખાલી ગભરાતી હતી અને બોલતી ન હતી.** તેઓ લોધેશ્વર ચોકડીએ આઠથી દસ જણા હતા જેમાં, તેઓ પોતે, વેલા ધના વરચંદ, નામેરી દેવા વરચંદ, બીજલ રણમલ વરચંદ, લાલા પાંચા મણવર, વેલા ડાયા સોનારા તે સિવાય કોણ હતું તે હાલે યાદ નથી, લોધેશ્વર ચોકડીએ આરોપી અને ભોગ બનનાર ને કાળા કલરની બોલેરો ગાડીમાં તેઓ રાપર લઈ આવેલા અને રાપર પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને તે દિવસે આરોપી દેવશીને હોસ્પીટલ કયારે મોકલાવેલો તેની ખબર નથી. સાહેદ જણાવે છે કે, ભોગ બનનારને તાત્કાલીક હોસ્પીટલમાં મોકલાવેલી. ભોગ બનનારના સમગ્ર પરીવારને તેઓ સારી રીતે ઓળખે છે અને તેની સાથે તેઓને સારા સંબંધ છે, ભોગ બનનારને તેઓ મુકવા ગયેલા ત્યારે બીજલભાઈ અને અન્ય લોકો ઉપર ભચાઉ પો.સ્ટે. માં આરોપી દેવશીના ભાઈના અપહરણ બાબતની પોલીસ ફરિયાદ દાખલ થઈ ગયેલ હતી, જે લોકો ઉપર ભચાઉ પો.સ્ટે. માં ફરિયાદ દાખલ થયેલી હતી તે તમામને રાપર પો.સ્ટે.માં બેસાડી રાખેલા અને જેમના ઉપર ફરિયાદ ન હતી તે તેઓ બધા ઘરે ચાલ્યા ગયેલા. ભોગ બનનારે જે ફરિયાદ કરેલી તે હકીકતો તેમને વાતોવાતોથી જાણવા મળેલી.

**(૨૪) આ કામે ફરિયાદ પક્ષે આંક–૮૮ થી સાહેદ હીરાભાઈ રણમલભાઈ વરચંદ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** બનાવના અનુસંધાને તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ત્રણેક સવા ત્રણ વર્ષ પહેલા તેમના ઘરે લગ્ન પ્રસંગ હતો અને ભોગ બનનાર લગ્ન પ્રસંગે જમીને તેના મામાના ઘરે ગીતો ગાવા જતી હતી અને ત્યાં આગળથી દેવશી મોહન અને કરમશી મોહન અને બીજા માણસો તેણીનું અપહરણ કરી ગયેલા હતા, બીજે દિવસે સવારે તે ઘરે આવેલી નહી, એટલે તેની માતા વિધવા છે તેણે ભોગ બનનારની સગા–સંબંધી અને આજુબાજુ ભાઈબંધુમાં ભોગ બનનારની પુછા કરેલી પરંતુ, ત્રણ–ચાર દિવસ સુધી મળી આવેલ નહી જેથી પોલીસ સ્ટેશનમાં ગુમ થયેલાની જાણ કરેલી. ત્રણ–ચાર દિવસ પછી લોધેશ્વર પાસે વેલા ધનાને તે લોકો શોધખોળ કરતા હતા ત્યારે દેવશી મોહન અને ભોગ બનનાર મળેલા અને પોલીસ સ્ટેશનમાં લઈ ગયેલા, પોલીસ સ્ટેશનથી વળીને ભોગ બનનારને તેની માસી દેવીબેનના ઘરે મોકલી આપેલ, લાલાભાઈએ તેઓને વાત કરેલી અને પછી આ બાબતની ભોગ બનનારે ફરિયાદ કરેલી.

આરોપી પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, **પોલીસે તેમના નિવેદનમાં શું લખેલું તે તેમને વાંચી સંભળાવેલ ન હતું,** તેઓ ભોગ બનનાર ભોગ બનનારના સંબંધે મોટા બાપા થાય છે, બનાવ સમયે તેમના ઘરે તેમના દીકરા રાણાનો લગ્ન પ્રસંગ હતો, ભોગ બનનારને જયારે રાપર લઈ આવેલા ત્યારે તેમણે દેવશીને જોયેલો હતો, **ભોગ બનનાર હલન–ચલન વ્યવસ્થિત કરી શકતા હતા, તે દિવસે ભોગ બનનારના શરીર પર કોઈ ઈજાના કે લોહીના નીશાનો દેખીતા જોવા મળેલ નહી. દેવીબેનનું અને ભોગ બનનારનું રામવાવ ગામમાં જ મકાન આવેલું છે,** વેલા ધના વરચંદ અને તેમના ભાઈ બીજલ અને અન્ય લોકો ઉપર દેવશી મોહનના ભાઈના અપહરણની ભચાઉ પો.સ્ટે. માં ફરિયાદ દાખલ થયેલી હતી, ભોગ બનનારે જે ફરિયાદ કરેલી છે તે તેમને પાછળથી જાણવા મળેલું.

<u>**પંચ સાહેદોનો પુરાવો :–**</u>

**(૨૫) હાલના કામે ફરિયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા સારુ, સૌ પ્રથમ સાહેદ નં. ૧. પંચ સાહેદ પ્રભુભાઈ ભચાણભાઈ સોનારનાઓને આંક**

– **૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.** ફરિયાદ પક્ષના કેસ મુજબ હાલના સાહેદ તે આ કામના ફરિયાદીએ બનાવ વખતે પહેરેલા કપડા કે જે મેડીકલ ઓફીસરશ્રી રાપર સરકારી હોસ્પીટલનાઓએ વુમેન હેડ કોન્સ્ટેબલ શાંતાબેન બાબુલાલ, બકલ નં. ૧ ૭૦૯ વાળા આપેલા તેઓ ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેઓનો પુરાવો વંચાણે લેવામાં આવેતો, તેઓએ પોતાની જુબાની દરમિયાન પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે અને આંક–૧૪ થી અસલ પંચનામુ તથા આંક–૧૫ થી કાપલીઓ રજુ રાખેલ છે. હાલના સાહેદે પોતાની જુબાની દરમ્યાન જણાવેલ છે કે મહીલા પોલીસ કોન્સ્ટેબલે તેઓને કપડા બતાવેલા જે બ્લ્યુ અને પીળા કલરના હતા, પાયજામાની ઉપરના ભાગે સફેદ વીર્ય જેવા ડાઘા તેઓએ જોયેલા તેવી હકીકતો જણાવેલી છે અને કોર્ટ રૂબરૂ આ તમામ કપડા ઓળખી બતાવેલા છે. સદરહુ સાહેદની આરોપીપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ તે હકીકતનો ઈન્કાર કરેલો છે કે, તેઓએ તૈયાર પંચ નામામાં સહી કરેલી અને તે સિવાય પંચનામાની વિગતો અંગે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૨૬) ત્યારબાદ **ફરિયાદ પક્ષે સાહેદ નં. ૨. તરીકે આંક–૧૬ થી પંચ સાહેદ ભારૂભાઈ બચુભાઈ ચાવડા નાઓને સોગંદ ઉપર તપાસેલા છે.** ફરિયાદ પક્ષના કેસ મુજબ હાલના આ સાહેદની હાજરીમાં ફરિયાદણનાઓ ને સાથે રાખી સામખીયારી સીમ, ચાંદ્રાણી સીમવાળી જગ્યાએથી પોતે કાંઈ પણ ચીજવસ્તુ સ્વખુશીથી કાઢી બતાવવાનું જણાવતા હોઈ, પંચોની હાજરીમાં તથા ફરિયાદીની હાજરીમાં કરવામાં આવેલું ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે અને આ પંચનામાની વિગતે પોલીસે ફરિયાદી બહેને બતાવેલી જગ્યાએથી બનાવની પહેલી રાત્રે જે જગ્યાએ તેણીએ આરોપી દેવશી મોહન સાથે રાત રોકાયેલી તે જગ્યાએ જઈ તપાસ કરતા કોઈ નોંધવાલાયક કોઈ ચીજવસ્તુ કબજે કરેલી ન હોવાનો પુરાવો આપેલ છે. ત્યારબાદ હાલના પંચ સાહેદે પોતાની જુબાની દરમિયાન સદરહુ જગ્યાએથી ડ્રેસના દોરાના રેસા સેમ્પલ તરીકે લીધેલાની, ચીભડાની છાલ પડેલી અને તે સિવાય ડાળીના પાંદડા અને ઝીણા–ઝીણાં પાંદડા પોલીસે કબજે લીધેલાની હકીકત જણાવેલી છે અને તે જ રીતે હાલના પંચ સાહેદે પોતાની જુબાની દરમિયાન ફરિયાદીએ બનાવ સમયે પહેરેલા કપડા કબજે કર્યાની હકીકત જણાવી આંક–૧૭ થી ડીસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. ફરિયાદ પક્ષે હાલના સાહેદની જુબાની

દરમિયાન આંક–૧૮ થી પંચ સાહેદની સહીવાળી કાપલી આંક–૧૮, આંક–૧૯ અને આંક –૨૦થી અલગ–અલગ જગ્યાએથી કબજે કરેલ મુદામાલના અનુસંધાને પેકીંગ સમયે કાપલી માં કરેલ સહીઓ રજુ રાખેલી છે. સદરહું સાહેદની આરોપી પક્ષે વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં, તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલો છે કે, આ કામના ફરિયાદી તેઓની જ્ઞાતિના હોઈ આરોપીને ખોટી રીતે ગુનાના કામે સંડોવણી કરવા માટે ખોટી જુબાની આપે છે.

**(૨૭) ફરિયાદપક્ષે સાહેદ નં. ૩ તરીકે આંક–૨૬થી પંચ સાહેદ સવજીભાઈ હરીભાઈ મણવર** ને સોગંદ ઉપર તપાસેલા છે. સદરહુ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપી પોતાના પુરાવામાં જણાવેલ છે કે, રાપર પોલીસ સ્ટેશનના બોલાવવાથી તેઓ પોલીસ સ્ટેશને ગયેલા જયાં તેઓની સાથે અન્ય પંચ સાહેદ ધનજીભાઈ જીવાભાઈ ઢીલા હાજર હતા અને તેઓની હાજરીમાં એક યાદી તૈયાર હતી અને સાત સેમ્પલ લેવાની વિગત લખવામાં આવેલી તે મુદામાલ સેમ્પલ અલગ–અલગ બોકસમાં અંદર મુકી પટ્ટી મારી લાખનું શીલ કરી પોલીસે કબજે કેરલા. સદરહું સાહેદે પોતાની જુબાની દરમિયાન આંક –૨૭ થી અસલ પંચનામું સેમ્પલો પોતાની હાજરીમાં કબજે કર્યા અંગેનું રજુ રાખેલ છે. તેઓની આરોપીપક્ષ તરફથી વિસ્તુત ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલો છે કે આ કામની ફરિયાદી રામવાવ ગામની છે અને જે રાપરથી આશરે ૨૦ કિ.મી.ના અંતરે આવેલ છે. પંચનામુ કરવા તેઓ બપોરે બે વાગ્યે પહોંચેલા. જયારે એ હકીકતનો ઈન્કાર કરેલો કે પોલીસે તેઓની તૈયાર પંચ નામામાં સહી લીધેલી છે અને કોઈ મુદામાલ સેમ્પલો કબજે કરવામાં આવેલા નથી.

**(૨૮) ત્યારબાદ, ફરિયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૩૧ થી પંચ સાહેદ જેરામભાઈ પચાણ ચાવડા** ને સોગંદ ઉપર તપાસેલા છે. હાલના સાહેદ તે ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીને અટક કરવામાં આવેલા તે અંગેના અટક પંચનામા ના પંચ સાહેદ છે. તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ છે અને પોતાની જુબાની દરમિયાન આરોપીના કપડા મુદામાલ, આર્ટીકલ હોકી અને મુદામાલ આર્ટીકલ છરી ઓળખી બતાવેલ છે તેમજ આંક–૩૨ થી તે અંગેનું અસલ અટક પંચનામું રજુ રાખેલ છે. હાલના સાહેદની આરોપી પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં

તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, તેઓએ ઓળખી બતાવેલ તે પ્રકારની હોકી બજારમાં આરામથી મળી શકે, ફરિયાદી અને તેઓ એક ગામના અને એકજ જ્ઞાતિના છે અને પંચનામાની કાર્યવાહી વખતે પોલીસે તેઓને કપડા બતાવેલા અને આરોપીઓ બતાવેલા અને સહી લીધા બાદ જવાનું કહેતા જતા રહેલા . તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, પોલીસે પંચનામામાં શું લખેલું તેની તેઓને ચોકકસ માહિતી નથી.

(૨૯) **ત્યારબાદ, ફરિયાદ પક્ષે આંક-૩૫ થી પંચ સાહેદ સવજીભાઈ સામાભાઈ ઢીલા**ને સોગંદ ઉપર તપાસેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ હાલના સાહેદ તે મેડીકલ ઓફીસરશ્રી રાપર હોસ્પીટલ ઘ્વારા આરોપી દેવશીભાઈ કોલીના બળાત્કારને લગતા તપાસ માટે લેવામાં આવેલા સેમ્પલો મેળવ્યા અંગેનું પંચનામાના પંચ સાહેદ છે. સદરહું સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપી તેઓની હાજરીમાં પોલીસે કુલ નંગ ૧ થી ૬ ના નમુનાઓ બતાવી, શીલ કરી, સફેદ કલરના બોકસમાં અંદર રાખેલા હોવાની હકીકત જણાવી તેમજ અન્ય પ્લાસ્ટીકની અન્ય નાની ડબીઓમાં આ સેમ્પલો રાખેલા હોવાનું જણાવી આંક-૩૬ થી થે અંગેનું અસલ પંચનામું રજુ રાખેલ છે. આરોપી પક્ષે તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમાં તેઓએ એ હકીકતને સમર્થન આપેલ છે કે, ફરિયાદી તથા તેઓ એકજ જ્ઞાતિના છે અને સમાજના પ્રમુખ સુચના આપે તે મુજબ કામગીરી કરવાની થાય. જયારે એ હકીકતનો ઈન્કાર કરેલો છે કે, સમાજના પ્રમુખના કહેવાથી તેઓએ તૈયાર પંચ નામા માં પોલીસ સ્ટેશન ખાતે સહીઓ કરેલી. ફરિયાદ પક્ષે ઉપરોકત આંક-૩૬ ના પંચ-નામા ના અન્ય સાહેદ હમીરાભાઈ પેથાભાઈ સોનારાને આંક-૩૭ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે.

(૩૦) **ત્યાર બાદ, ફરિયાદ પક્ષે આંક-૧૭ થી રજુ રાખેલા ડીસ્કવરી પંચનામાના અન્ય પંચ સાહેદ માદેવા હરીભાઈ સોનારા નાઓને આંક-૩૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપી તેઓની હાજરીમાં ફરિયાદી ને સાથે તેણીએ બતાવેલી જગ્યાએ જઈ સ્થળ તપાસ કરતા પોલીસે પંચોની હાજરીમાં મુદામાલ અલગ-અલગ જગ્યાએથી કબજે કરેલાની હકીકતોને સમર્થન આપેલ છે અને તમામ મુદામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. સદરહું સાહેદની આરોપી પક્ષે વિસ્તૃત ઉલટ

તપાસ કરેલી છે. જેમાં, તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલો છે કે, તેઓને બતાવવામાં આવેલા કપડા તે બજારમાં સરળતાથી મળી શકે તે પ્રકારના છે. ફરિયાદી તેઓના ગામના થતા હોય તેઓની ફરિયાદને ખોટુ સમર્થન આપવા માટેની હકીકતનો ઈન્કાર કરેલો છે.

(૩૧) **ત્યાર બાદ, ફરિયાદ પક્ષે આંક–૪૦ થી પંચ સાહેદ ધનજીભાઈ જીવાભાઈ ઢીલાનાઓ ને** સોગંદ ઉપર તપાસેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ તેઓ આંક–૨૭ ના રાપર સરકારી હોસ્પીટલમાંથી મેળવવામાં આવેલા સેમ્પલો કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ છે. તેઓએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ છે. જયારે ઉલટ તપાસમાં પોલીસે તેઓએ લખાવ્યા મુજબની વિગત લખેલી હોય તેનો ઈન્કાર કરેલ છે અને મુદામાલ ૧ થી ૭ ના સેમ્પલો બતાવી પંચનામામાં સહીઓ મેળવ્યા સિવાય તેઓની હાજરીમાં અન્ય કોઈ કામગીરી કરવામાં આવેલ નહી હોવાની હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે.

(૩૨) **ત્યારબાદ, ફરિયાદ પક્ષે આંક–૪૩ થી પંચ સાહેદ દિનેશભાઈ ડાયાભાઈ સોનારા નાઓને** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ આંક–૩૨ ના અટક પંચનામાના અન્ય પંચ સાહેદ છે. તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ છે. જયારે આરોપી પક્ષે ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે કબજે કરેલો મુદામાલ શું હતો તેની તેઓને જાત માહિતી નથી.

**<u>સરકારી સાહેદના પુરાવાની ચર્ચા :–</u>**

(૩૩) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૩૦ થી દિનેશભાઈ પુરૂષોતમભાઈ ટાંક નાઓને આંક–૧૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** તેઓની સરતપાસ જોતાં, આ સાહેદ કલેકટર કચેરી ભુજ મધ્યે મેજી. શાખામાં કારકુન તરીકે પોતાની ફરજ બજાવે છે અને આ સાહેદના પુરાવામાં આંક–૧૪૫ થી તા. ૬/૩/૧૪ થી તા. ૨૮/૫/૧૪ સુધીનું જાહેરનામુ પ્રસિધ્ધ થયેલ જે રજુ થયેલ છે અને સદર જાહેરનામામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ડી.બી. શાહની સહીથી પ્રસિધ્ધ થયેલ હોવાનું ઓળખી બતાવેલ છે. આમ, આ સાહેદે પોતાની સરકારી ફરજોના ભાગ રૂપે કરેલ કાર્યવાહીને સમર્થન આપેલ છે.

**<u>મેડીકલ ઓફીસરના પુરાવાની ચર્ચા :–</u>**

(૩૪) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૨૨. ડો. સંદીપભાઈ દેવશીભાઈ માલી કે જેઓએ ભોગ બનનાર તથા આરોપી દેવશી મોહન કોલી ને તપાસેલ તેવા સાહેદની**

**જુબાની આંક–૯૦ થી લેવામાં આવેલ છે.** તેઓની સરતપાસ જોતાં, તેઓએ પોતાના પુરાવા દરમિયાન જણાવેલ છે કે, તા. ૧૯/૬/૧૪ ના રોજ સાહેદ સરકારી હોસ્પીટલ રાપર મધ્યે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા, તે દરમિયાન રાપર પો.સ્ટે. ના એક પોલીસ યાદી નં. ૩૬/૧૪ થી દેવશી મોહનભાઈ કોલીને લઈને આવેલ, તેમણે દેવશી મોહનભાઈ કોલી, ઉ.વ. ૨૬, રહે. ભરૂડીયા, તા. ભચાઉ નાઓની મેડીકલ તપાસણી માટે લઈ આવેલ અને તેમણે તેમના સેમ્પલો લીધેલા જેમાં, (૧) બ્લડ સેમ્પલ, (૨) સીમેન સેમ્પલ, (૩) સલાઈવા સેમ્પલ, (૪) પ્યુબીક હેર, (૫) નેઈલ સેમ્પલ, (૬) ગ્લેઈન વોશ સેમ્પલ. આ તમામ સેમ્પલો લીધા બાદ શીલબંધ કરી યાદી સાથે એફ.એસ.એલ. રાજકોટને મોકલવા જણાવેલ.

વધુમાં, આ સાહેદે ભોગ બનનાર, ઉ.વ. ૨૦ વાળીની પણ મેડીકલ તપાસણી માટે તેમની પાસે લઈ આવેલ અને તેણીને એમ.એલ.સી. નં. ૧૩૯/૧૪ યાદી નં. ૩૬/૧૪ વાળા મુજબ તેમની પાસે લાવેલા અને તેણીની મેડીકલ તપાસણી કરેલી અને સેમ્પલો લીધેલા. જેમાં મેડીકલ સેમ્પલો જેમાં, (૧) સલાઈવા, (૨) પ્યુબીક હેર, (૩) વજાઈનલ સ્વેબ, (૪) સર્વાઈકલ સ્વેબ, (૫) બ્લડ સેમ્પલ, (૬) નેઈલ સેમ્પલ, (૭) વજાઈન વોશ વીથ નોર્મલ સલાઈન સેમ્પલ લીધેલ તથા તેણીનું એમ.એલ.સી. સર્ટી. તેમના ધ્વારા અપાયેલ. <u>આ સાહેદે ભોગ બનનારની શારીરિક તપાસણી કરતા ૧ – ફ્રેકચર ઈન્જરી લેફટ ફોર આર્મ લેફટ આર્મ (અનર લોઅર ૧/૩) આ ઈજા ચોવીસ કલાકના સમયની જોવા મળેલી હતી, તે ઈજા લાકડીથી થયેલ હોય તેવા પ્રકારની હતી, આ ઈજા ગ્રેવીયસ પ્રકારની હતી અને ચોકકસ કેટલા સમયમાં રીકવર થાય તે કહી શકાય તેવા પ્રકારની ન હતી. નં. ૨ બ્રુસ ઈન્જરી નં.૧ જમણા અને ડાબા સાથળ ઉપર નં. ૨ બન્ને ઢેકા ઉપર, નં. ૩ પીઠ ઉપર પાછળના ભાગે, નં. ૪ ડાબા જમણા હાથમાં, આ ઈજા ચોવીસ કલાકમાં થયેલ હતી, બોથળ પદાર્થથી થાય તેવી સાદી ઈજા હતી, યોગ્ય સારવાર મળે તો દસ–પંદર દિવસમાં રૂઝાઈ જાય તેવા પ્રકારની હતી.</u> વધુમાં, આ સાહેદે ભોગ બનનારની તપાસણી કરતા તેમાં નીચે મુજબનું વર્ણન જોવા મળેલ જે, નં. ૧ નામ ભોગ બનનાર, ઉ.વ. ૨૦, સ્ત્રી, અપરણીત, માતાનું નામ: કુંવરબેન, રહે. રામવાવા, હિન્દુ, ખેડુત, બનાવ ની તા. ૨૪/૫/૧૪ ના રોજ સાંજે ૧૧–૦૦ વાગ્યે બનેલો અને આ સાહેદે ભોગ બનનારની તપાસણી તા. ૩૦/૫/૧૪ ના રોજ સાંજે ૬–૧૧

વાગ્યે શરૂ કરેલ અને બનાવ અને તપાસણી વચ્ચે છ દિવસનો સમયગાળો રહેલો તેમજ તેણીના ઓળખના ચિન્હ તરીકે નં. ૧– ટેટુ માર્ક (પ્લસ) ડાબા ગાલ ઉપર અને છાતીના ડાબી બાજુએ તલનું નીશાન જોવા મળેલુ. તેણીની તપાસ અંગે કન્સેન્ટ લેવામાં આવેલ, તેણીનું વજન ૪૫ કિ.ગ્રા., બાંધો સામાન્ય, ચાલ સામાન્ય, દાંત સામાન્ય, સેકન્ડરી સેકસુઅલ કેરેકટર સામાન્ય, અવાજ, વાળ, સામાન્ય બ્રેસ્ટ સામાન્ય અને વિકસીત, ડેવલોપમેન્ટ એકસર્ટનલ જનાઈટલ સંપૂર્ણ વિકસીત હતા એ ઈન્ટરનલ જનાઈટલ સામાન્ય અને વિકસીત હતા. વધુમાં આ સાહેદે જણાવેલ છે કે, બનાવની હિસ્ટ્રી પુછતા તેણીએ તા. ૨૪/૫/૧૪ ના રાત્રીના ૧૧–૦૦ વાગ્યે જાણીતા માણસો ધ્વારા તેણીને ચાકુ બતાવી, અપહરણ કરી લઈ ગયેલા હોવાનું જણાવેલુ. તેણીની સાથે એક વ્યકિત ધ્વારા સંભોગ કરવામાં આવેલાનું અને તેણીનો શારીરિક બાંધો મજબૂત હોવાનું જણાવી ગુનો થતા અટકાવી શકે તેવી હોવાનું નોંધેલ છે. આ સિવાય હાલના સાહેદે અન્ય નોંધનીય પુરાવો આપતા જણાવેલ છે કે, ભોગ બનનારના જમણા હાથ ઉપર નખ વાગેલાનું નીશાન તેમજ હાથના આગળના ભાગે, ડાબા ખભા ઉપર, ડાબા હાથના આગળના ભાગે, ડાબા અને જમણા પગના ભાગે, કુલાના ભાગે ઈજાના નિશાનો જણાયેલા તેમ જણાવી ભોગ બનનારના છાતીના ડાબા સ્તનના ભાગે બાઈટ ઈન્જરી હોવાનું જણાવેલ છે અને વધુમાં ભોગ બનનારને સંભોગનો અનુભવ હોવાનું અને એકજ વ્યકિત સાથે બનાવના ત્રણ માસ અગાઉ સંભોગ કરેલાની હકીકતો ભોગ બનનારે તેઓને જણાવેલ હોવાનું પોતાના પુરાવા દરમિયાન જણાવેલ છે.

<u>પોલીસ સાહેદોના પુરાવાની ચર્ચા :–</u>

(૩૫) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૨૩. વુ.પો.કો. શાંતાબેન બાબુભાઈ બજાત ની જુબાની આંક–૧૧૭ થી થયેલ છે.** આ સાહેદે રાપર પોલીસ સ્ટેશનમાં વુ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા તે સમયે ફરીયાદીને રાપર સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ થયેલ ત્યારે તેણીને હોસ્પીટલે બોલાવેલ અને તેણી આ કામના ફરિયાદી ભોગ બનનાર પાસે હાજર રહેલ, શ્રી આર.ટી. ચનુરા, સીનીયર પી.એસ.આઈ.શ્રી, રાપર ના ઓએ ફરિયાદીની ગુના કામે પુછપરછ કરેલી અને ફરિયાદીની ફરિયાદ લીધેલી જે ફરિયાદ આ સાહેદની હાજરીમાં લેવામાં અને ફર્સ્ટ ગુ.ર. નં. ૩૬/૧૪ થી ગુનો રજી. કરાવેલ. વધુમાં, આ સાહેદે ફરિયાદીના બનાવ વખતે પહેરેલ કપડાઓ મેડીકલ ઓફીસરશ્રી પાસેથી

મેળવીને રજુ કરતા જે પંચનામાની વિગતે કબજે કરેલા તેમજ ફરિયાદીએ જે ફરિયાદ આપેલી તેમાં રૂબરૂપણામાં પોતાની સહી કરેલી હોવાનું જણાવેલ છે. વધુમાં, આ સાહેદને મુદામાલ વાળા ફરિયાદીના કપડા બતાવતા તે તેઓએ ઓળખી બતાવેલ છે. આ સાહેદે આંક–૪૯ વાળી અસલ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. **<u>આ સાહેદે આરોપીપક્ષની ઉલટ તપાસમાં આંક–૧૨૦ ના ભોગ બનનારના નિવેદનમાં પોતાની રૂબરૂપણાની પોતાની સહી ઓળખી બતાવેલ છે.</u>**

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ સાહેદે પોતાના પુરાવા દરમ્યાન તેઓની હાજરીમાં ફરીયાદી ભોગ બનનારની ફરીયાદી લખવામાં આવેલાની અને ત્યારબાદ સાહેદે ફરીયાદણબાઈએ બનાવ સમયે પહેરેલ કપડાં મેડીકલ ઓફીસરશ્રી પાસેથી કબ્જે કર્યાની હકિકતોને સમર્થન આપેલ છે.

(૩૬) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં. ૨૪ – પી.એસ.આઈ. બંસનારાયણ સિંહ ભુવનેશ્વરસીંહ સીંહ ની જુબાની આંક–૧૨૨ થી થયેલ છે.** આ સાહેદે રાપર પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે **<u>પી.એસ.ઓ. ની ફરજ બજાવતા હતા</u>** તે સમયે મેડીકલ ઓફીસ શ્રી માલી નાઓએ આ સાહેદને ટેલીફોનથી રાપર પો.સ્ટે. જાણવા જોગ નં. ૫૦/૧૪ ની નોંધાવેલી જે આ સાહેદે નોંધેલી અને તપાસ પી.એસ.આઈ. શ્રી આર.ટી. ચનુરા સાહેબને સોંપલ હોવાનું જણાવેલછે. **આ સાહેદે આંક–૧૨૩ ની જાણવા જોગ નં. ૫૦/૧૪ નો ઉતારો તથા આંક–૧૨૪ ની તપાસ ડેપ્યુટ કર્યાની યાદીમાં સહી ઓળખી બતાવી રજુ થયેલ હોવાનું જણાવેલ છે.**

<u>આ સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી તરફથી કરેલ ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તા. ૨૯/૫/૧૪ ના રોજ જેટલો સમય ભોગ બનનાર પો.સ્ટે. માં રહેલા તે સમય દરમિયાન તેણીએ તેમના રૂબરૂ અપહરણ કે બળાત્કાર કે મારવાની કોઈ જ ફરિયાદ આપેલ ન હતી. એ પણ સ્વીકારેલ છે કે શરીર સંબંધી કોઈ ગુનો બન્યાનું પી.એસ.ઓ. સમક્ષ જાહેર કરવામાં આવે કે ફરિયાદ કરવામાં આવે તો તે તુરંત નોંધી લેવામાં આવે છે, તા. ૨૯/૫/૧૪ ના રોજ તેઓ પી.એસ.ઓ. તરીકે હતા તે સમય દરમિયાન ભોગ બનનાર કે તેના કાકા લાલાભાઈએ લેખીત કે મૌખિક ફરિયાદ તેઓને આપેલી ન હતી તેથી તે નોંધેલી નહતી.</u>

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં તેઓ પો.સ્ટે. માં પી.એસ.ઓ.

તરીકે ની ફરજ પર હતા તે સમયે તા. ૨૯.૫.૨૦૧૪ ના રોજ આ કામના ભોગ બનનાર ફરીયાદીને રાપર પો. સ્ટે. માં લાવવામાં આવેલ તે સમયે તેણીએ પોતાની સાથે કોઇ શરીર સંબંધી બનાવ બનેલ હોય કે તેણી સાથે આરોપીએ બળાત્કાર કરેલ હોય તે મતલબની કોઇ ફરીયાદ હકિકત જાહેર કરેલ ન હોવાની હકિકતો પુરાવા સ્વરુપે જણાવેલ છે.

(૩૭) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં. ૨૫. પો.કો. સામતભાઈ વિરમભાઈ બરારીયાની જુબાની આંક–૧૨૫ થી થયેલ છે.** આ સાહેદ આરોપી દેવશી મોહન કોલીના જરૂરી સેમ્પલો ડોકટર શ્રી રાપર સરકારી હોસ્પીટલ ધ્વારા લેવામાં આવેલા જે ડોકટરશ્રી પાસે થી મેળવી સેમ્પલોનું બોકસ તથા કવર હોસ્પીટલના શીલવાળું લઈ ત.ક.અ.શ્રી સમક્ષ રજુ કરેલ, ત.ક.અ. શ્રી ધ્વારા પંચો રૂબરૂ પંચનામુ કરી શીલબંધ બોકસ ઉપર યાદી નં. ૩૬/૧૪ લખી તપાસ અર્થે કબજે કરેલ હોવાનું જણાવેલ છે.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ સાહેદે પોતાની ફરજના ભાગ સ્વરુપે આરોપીના મેડીકલ તપાસણી દરમ્યાન મેડીકલ ઓફીસરશ્રીએ કબ્જે કરેલ સેમ્પલો મેળવેલા અને તેઓને સોંપવામાં આવેલ સરકારી ફરજોની કાર્યવાહીને સમર્થન આપેલ છે.

(૩૮) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૨૬. પો.કો. પોપટભાઈ વિરમભાઈ મયારીયાની જુબાની આંક–૧૨૬ થી થયેલ છે.** આ સાહેદ ભોગ બનનારના જરૂરી સેમ્પલો ડોકટરશ્રી રાપર સરકારી હોસ્પીટલ ધ્વારા લેવામાં આવેલા જે ડોકટરશ્રી પાસેથી મેળવી સેમ્પલો નું બોકસ તથા કવર હોસ્પીટલના શીલવાળું લઈ ત.ક.અ.શ્રી સમક્ષ રજુ કરેલ અને ત.ક. અમલદાર શ્રી ધ્વારા પંચો રૂબરૂ પંચનામુ કરી તપાસ અર્થે કબજે કરેલ હોવાનું જણાવેલ છે.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ સાહેદે પોતાની ફરજના ભાગ સ્વરુપે ફરીયાદી ભોગ બનનારના મેડીકલ તપાસણી દરમ્યાન મેડીકલ ઓફીસરશ્રીએ કબ્જે કરેલ સેમ્પલો મેળવેલા અને તેઓને સોંપવામાં આવેલ સરકારી ફરજોની કાર્યવાહી ને સમર્થન આપેલ છે.

(૩૯) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૨૭. પો.કો. ભીમાભાઈ કરમશીભાઈ ગોહીલ ની જુબાની આંક–૧૨૭ થી થયેલ છે.** આ સાહેદે રાપર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.રજી. નં. ૩૬/૧૪ ના ગુના કામેનો મુદામાલ એફ.એસ.એલ. રાજકોટ મધ્યે પૃથ્થકરણ અર્થે લઈ ગયેલ અને જમા કરાવેલ અને તે મતલબની પહોંચ મેળવી ત.ક.અ. શ્રી સમક્ષ રજુ કરેલ

હોવાનું જણાવેલ છે. સદર સાહેદે આંક–૧૨૮ ની પહોંચ ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ સાહેદે તેઓએ પોતાની ફરજના ભાગ સ્વરુપે ત. ક. અમલદારશ્રીએ કબ્જે કરેલ સેમ્પલો મેળવેલાની અને તેઓને સોંપવામાં આવતા એફ.એસ.એલ. રાજકોટ મધ્યે પૃથ્થકરણ માટે લઇ ગયેલાની કાર્યવાહીને સમર્થન આપેલ છે.

(૪૦) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૨૮. પો.કો. રાજેશગર ચતુરગર ગૌસ્વામી ની જુબાની આંક–૧૨૯ થી થયેલ છે.** આ સાહેદ પો.કો. તરીકે રાપર પો.સ્ટે. માં પી.એસ.ઓ. ચાર્જમાં ફરજ દરમિયાન પી.એસ.આઈ. શ્રી આર.ટી. ચનુરાનાઓએ રાપર પો.સ્ટે. જાણવા જોગ નં. ૫૦/૧૪ ના કામે ફરિયાદી ભોગ બનનાર તે ખેંગાભાઈ વરચંદ આહીરનાઓની રૂબરૂની લીધેલ ફરિયાદ યાદી સાથે દાખલ થવા આપતા આ સાહેદે રાપર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.રજી. નં. ૩૬/૧૪, ઈ.પી.કો. કલમ ૩૬૬, ૩૭૬ વિ. મુજબનો ગુનો દાખલ કરેલ હોવાની અને આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી આર.ટી. ચનુરા તરફ ડેપ્યુટ કરેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદે આંક–૪૯ વાળી અસલ ફરિયાદ તથા આંક–૧૩૦ ની તપાસ યાદી ઓળખી બતાવેલ છે.

**બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને આ સાહેદે જા.જોગ ગુમ નોંધ નં. ૪/૧૪ વાળીમાં પોતાની સહી ઓળખી બતાવી રજુ થયેલ હોવાનું જણાવેલ છે.**

(૪૧) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૨૯. પો.કો. રામજીભાઈ ટપુભાઈ ચનુરા ની જુબાની આંક–૧૩૫ થી થયેલ છે.** આ સાહેદ તા. ૩૦/૫/૧૪ ના રાપર પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમિયાન ભોગ બનનાર નાઓએ તેઓની રૂબરૂમાં તેણીના લખાવ્યા મુજબની ફરીયાદ લીધેલી, જે ફરિયાદ રાપર પો.સ્ટે. ના જાણવા જોગ નં. ૫૦/૧૪ ની તે તારીખે જાહેર થયેલ તેના અનુસંધાને લીધેલી હોવાનું, આ કામે રાપર પો.સ્ટે. ફર્સ્ટ ૩૬/૧૪ થી ગુનો રજીસ્ટર કરાવેલ અને આગળની તપાસ તેઓએ સંભાળી લીધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આ સાહેદે આ કામના ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવેલ અને ડોકટરશ્રીએ લીધેલા સેમ્પલો તેમજ ભોગ બનનારના કપડા તેમજ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલું, બે સાહેદોના નિવેદનો લીધેલા

અને તેઓની ટ્રાન્સફર થતા આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી પરમાર સાહેબને સોંપી આપેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આ સાહેદના પુરાવામાં આંક –૧૩૬ થી ફરિયાદ યાદી, આંક–૧૭ નું ડીસ્કવરી પંચનામું, આંક–૧૪ નું પંચનામુ, આંક –૪૯ ની ફરિયાદ ઓળખી બતાવેલ છે તેમજ આ કામે કબજે થયેલ મુદામાલ ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ સાહેદે હાલના ગુનાની તપાસ કરેલાનું અને તપાસના સંદર્ભે તેઓએ કરેલ કામગીરીની હકીકતો તેમના પુરાવામાં જણાવેલ છે તેમજ ગુમનોંધના કામે આ કામે ફરિયાદી અને ગુમનોંધ મુજબ ગુમ થનાર વ્યકિત તે આ કામના ફરિયાદી– ભોગ બનનારનું નિવેદન તેણીના લખાવ્યા મુજબનુ લખેલ હોવાની હકીકતને સમથન આપેલ છે.

(૪૨) **આ કામે પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૩૧. પો.ઈ. પ્રવિણભાઈ મગનભાઈ પરમાર ની જુબાની આંક–૧૫૭ થી થયેલ છે.** આ સાહેદ તા. ૧/૬/૧૪ થી રાપર પો.સ્ટે. માં ચનુરાની બદલી થતા તેમની નિમણૂંક થતાં, તેઓની ફરજ હાજર થયેલ ત્યારે ચાર્જમાં તપાસના કેસ કાગળો સંભાળેલ, તેમાં રાપર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૧૩૬/૧૪, ઈ.પી.કો. કલમ ૩૬૬ વિગેરેના કામની તપાસના કાગળો સંભાળેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, આ સાહેદે આરોપી દેવશી મોહન કોલી, કરમશી મોહન કોલીની અટક કરેલ, આરોપીઓના મેડીકલ સેમ્પલો મેડીકલ ઓફીસરશ્રી પાસેથી મેળવેલ અને પૃથ્થકરણ અર્થે મોકલાવેલ, આ કામે નાસતો ફરતો આરોપી માદેવા જીવા કોલી તથા રમેશ જેઠા કોલી વિરૂઘ્ધ સી.આર.પી.સી. ૭૦ મુજબનું વોરંટ મેળવવાની કાર્યવાહી કરેલ, આ કામે કબજે થયેલ તમામ મુદામાલ પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ, ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ થતા તપાસના કામે સામેલ રાખેલ હોવાનું જણાવેલ છે. સાહેદના નિવેદનો લીધેલા, એફ.એસ.એલ. રાજકોટ તરફથી મુદામાલ પૃથ્થકરણ અહેવાલ આવી જતા તપાસ કામે સામેલ રાખેલ, આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ ચાર્જશીટ મોકલી આપેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદે મુદામાલ આર્ટીકલ એ થી ઈ સુધીના તપાસ દરમિયાન કબજે થયેલ હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં, આ સાહેદે આંક–૧૫૮ થી મેડીકલ ઓફીસર સરકારી હોસ્પીટલ રાપર ને કરવામાં આવેલ યાદી, આંક–૧૫૯ થી મુદામાલ પૃથ્થકરણ માટે મોકલવામાં રવાનગી પત્રક, ના. પો. અધિ. ભચાઉ ના સહીસિકકા વાળો સત્તા અંગેનું પ્રમાણપત્ર સાથેનું, આંક–૧૬૦ થી

ભોગ બનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, આંક–૧૬૧ થી આધાર લીસ્ટ તથા માર્ક –૧૬૧/૧ ની મુદામાલ એફ.એસ.એલ. અહેવાલની ઝેરોક્ષ નકલ સાથે, આંક–૧૬૨ થી મુદામાલ એફ.એસ.એલ. અહેવાલ, આંક–૩૨ નું અટક પંચનામુ, આંક–૩૬ નું પંચનામું, આંક–૪૯ ની ફરિયાદ, આંક–૯૩, આંક–૯૪ ની યાદી, આંક–૯૫ થી ૯૯ સુધીના મેડીકલ પેપર્સ ઓળખી બતાવેલ છે.

આમ, આ સાહેદનો પુરાવો જોતાં આ સાહેદે હાલના ગુનાની તપાસ કરેલાનું અને તપાસના સંદર્ભે તેઓએ કરેલ કામગીરીની હકીકતો તેમના પુરાવામાં જણાવેલ છે.

## ફરિયાદ પક્ષના પુરાવાનુ મૂલ્યાંકન.

હાલના કામે ફરિયાદ પક્ષ તરફથી રજૂ થયેલ ઉપરોકત પુરાવાના આધારે એકસુત્રતા જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ ત્રણ અલગ–અલગ ભાગમાં તેનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૪૩) હાલના ફરીયાદપક્ષના કેસને ત્રણ અલગ અલગ ભાગોમાં ચકાસવા આવશ્યક છે.**

**(૪૩.૧)** પ્રથમ ભાગમાં ખુદ ફરીયાદીના આક્ષેપ કે, આરોપીઓ દ્વારા તેણીને માર મારી, તેણી સાથે જબરદસ્તી કરી અપહરણ કરવામાં આવેલ અને આરોપી નં. ૧ દ્વારા તેણી પર બળાત્કાર કરવામાં આવેલ તે અંગેનો પુરાવો ચકાસવો આવશ્યક છે.

**(૪૩.૨)** બીજા ભાગમાં, ફરીયાદીના માતા કુવરબેન તેમજ ફરીયાદીના કાકાની ભુમિકાનો સમાવેશ કરી શકાય અને તે મુજબ, ફરીયાદીના માતા કુવરબેનનાઓએ તેઓની દિકરી બનાવવાળી રાત્રીએ, ઘરના તમામ સભ્યો જમી પરવારીને સુઇ ગયા બાદ, વહેલી સવારે હાજર મળી ન આવતા અને નજીકમાં શોધખોળ કરતાં પણ તેણી મળી ન આવતા, ફરીયાદણ ભોગ બનનારના કાકા સાહેદ બિજલભાઈએ ફરીયાદીના માતા કુવરબેન સાથે રાપર પો. સ્ટે. જઈ ફરિયાદી ગુમ થયાની જાણવા જોગ નોંધ કરાવેલ છે. આથી, આ બન્ને સાહેદોનો પુરાવો બનાવથી અલગ પરીપ્રેક્ષ્યમાં ચકાસવો આવશ્યક છે.

**(૪૩.૩)** ત્રીજા ભાગમાં, ફરીયાદી ભોગ બનનારને આરોપી નં. ૧ સાથે લોધેશ્વર ખાતે ફરીયાદણ ભોગ બનનારના કાકા બિજલભાઈ તથા અન્ય કૌટુંબિક સાહેદોએ પકડી પાડેલા અને તે મુજબ, ફરિયાદી પરત મળી આવ્યા બાદ, ઉપસ્થિત થયેલા સંજોગોના સાહેદો છે. આ સંજોગોમાં, આ સાહેદોનો પુરાવો બનાવના નજરે જોનાર સાક્ષીનો કહી

શકાય તેમ નથી પરંતુ, આરોપી નં. ૧ તથા ફરીયાદી તા. ૨૯.૫.૨૦૧૪ના રોજ મળી આવેલ તે બાદની ઘટના, બનાવના સાક્ષીઓ છે અને તેથી તેઓનો પુરાવો ફરીયાદપક્ષના કેસને કડીબધ્ધ બનાવવા પુરતો મહત્વનો કહી શકાય તે પ્રકારનો હોઇ, તેના પરીપ્રેક્ષ્યમાં ચકાસવો આવશ્યક છે.

(૪૩.૪) આ કામે ફરીયાદી ભોગ બનનારને મેડિકલ સારવાર આપનાર ડોક્ટરશ્રીનો પુરાવો, પોલિસ સાહેદોનો પુરાવો તથા એફ.એસ.એલ. નો પૃથ્થકરણ અહેવાલ તે ફરીયાદપક્ષના કેસ મુજબ, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં કરેલ આક્ષેપોના અનુસંધાને તપાસના કામે એકત્ર કરવામાં આવેલ સમર્થનકારક પુરાવો છે. આ સાહેદોનો મૌખિક પુરાવો તથા તેઓના પુરાવા દરમ્યાન રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને, ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી અને અન્ય સાહેદોના પુરાવાને લક્ષમાં રાખી તેનું મુલ્યાંકન કરવું અતિ આવશ્યક થઇ પડે છે.

(૪૪) હાલના કામે ફરિયાદ પક્ષ માટે કહી શકાય તેવા ખૂબજ અગત્યના મહત્વના સાહેદ તે આ કામના ફરિયાદી બાઈ તે ભોગ બનનાર ખેંગારભાઈ વરચંદની દીકરી તથા અન્ય તેણીના કુંટુબી સાહેદો છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓએ, આ કામની ફરિયાદી બાઈ તે ભોગ બનનાર ખેંગારભાઈ વરચંદની દીકરીને તેણીની ઈચ્છા અને મરજી વિરૂઘ્ધ, તેણી લગ્નમાં ગીત ગાવા જતી હતી તે સમયે તેણીની સાથે જબજસ્તી કરી, માર મારી તેણીનું અપહરણ કરી લઈ જઈ અને ત્યારબાદ આરોપી નં. ૧ ના એ ભોગ બનનાર ફરિયાદી ની ઈચ્છા અને મરજી વિરૂઘ્ધ તેણીની સાથે શારીરિક સબંધ બાંધી બળાત્કાર કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા, તે મુજબની પોલીસ કાર્યવાહીને અનુસંધાને ચાર્જશીટ થતા અત્રેની કોર્ટ સમક્ષ, કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

આ સંજોગોમાં, ફરિયાદપક્ષ માટે ફરિયાદી–ભોગ બનનાર તથા બનાવના અનુસંધાને હાજર રહેનાર સાહેદોનો પુરાવો અતિ મહત્વનો છે અને તે માટે સૌપ્રથમ, ફરિયાદી ભોગ બનનારનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, પોતાની સોગંદ પરની જુબાની દરમિયાન ફરિયાદી ભોગ બનનારે અસલ ફરિયાદ રજુ રાખેલ છે.

(૪૫) અગાઉ નોંધેલ છે તે અનુસાર, ફરીયાદીનો પુરાવો પ્રથમ ભાગમાં જણાવેલ છે તે મુજબ પુરાવો સંપૂર્ણપણે વંચાણે લેવામાં આવે તો, તેણીએ પોતાની ફરિયાદ ને આનુસાંગિક સમર્થનકારક પુરાવો આપેલાનું જણાઈ આવે છે. આ અગાઉ ચર્ચા કરવામાં

આવેલ છે તે મુજબ આ કામના ફરિયાદી ભોગ બનનાર, તેણીના પુરાવા દરમિયાન બનાવ સમયે રાત્રીના આશરે દશેક વાગ્યાના સુમારે, તેણી રાત્રીના સમયે જમી લીધા બાદ પોતાની માતા, ભાઈ તથા ભાભીની રજા લઈને તેણીના મામા નારણ રણમલના ઘરે લગ્ન પ્રસંગમાં ગીતો ગાવા જતી હતી તે સમયે, શેરીની બાજુમાં આવેલ વાસણ રણછોડના બંધ મકાન પાસેથી આ કામના આરોપીઓએ તેણીની સાથે જબજસ્તી કરેલ અને આ દરમિયાન ફરિયાદી ભોગ બનનારે ત્યાંથી નાશી છુટવાનો પ્રયત્ન કરવા છતાં, આરોપી દેવશી મોહન કોલીએ છરી કાઢી મારી નાંખવાની ધમકી આપતા અને આમ છતાં તેણી ન માનતા, આરોપી કરમશી મોહન કોલીએ હોકીનો માર મારી, અન્ય આરોપીઓએ ઢસડીને રોડ ઉપર લઈ જઈ અને ત્યારબાદ જીપ મારફતે સામખીયારી પહોંચી અને જીપ રવાના કર્યા બાદ આરોપી દેવશી મોહન કોલીએ રાત્રીના ભાગે અંધારામાં ભોગ બનનાર સાથે સંભોગ કર્યાની હકીકત જણાવેલ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ કામના ફરિયાદીએ જે ફરિયાદ આંક–૪૯ થી રજુ રાખેલ છે તે મુજબ ખુદ ફરિયાદીએ જણાવ્યા મુજબ તા. ૨૪/૫/૨૦૧૪ ના રોજ રાત્રીના સમયે તેણીનું ઉપરોકત હકીકતે અપહરણ થયાની આક્ષેપિત ફરિયાદ તા. ૩૦/૫/૨૦૧૪ ના રોજ દાખલ કરાવેલ છે.

આ સંજોગોમાં, તા. ૨૪/૫/૨૦૧૪ થી એટલે કે ફરિયાદીના પુરાવા મુજબ તેણીનુ જબરજસ્તીથી અપહરણ કરી લઈ ગયા બાદ અને તે જ દિવસ મોડી સાં જે સામખીયારી ખાતે રાત્રીના ભાગે અંધારામા બાવળોમાં રોકાયેલા ત્યારે આ કામના આરોપી નં. ૧ ના એ તેણીની સાથે સંભોગ કરેલાનો પુરાવો આપેલ છે. આ ઉપરાંત જોવામા આવે તો, ફરિયાદીએ પોતાના પુરાવા દરમિયાન ક્રમબધ્ધ સ્વરૂપે એટલે કે તા. ૨૪/૫/૧૪ થી લઈને તા. ૩૦/૫/૨૦૧૪ ના ફરિયાદ નોંધાવ્યાના સમયગાળા દરમિયાન, તેણીની સાથે આરોપીએ કયારે–કયારે શરીર સંભોગ બાંધેલો તેની વિગતો તેમજ કયા સ્થળે આરોપી તેણીને સાથે લઈ ગયેલો અને આ શરીર સબંધ બાંધેલો તે મતલબનો પુરાવો ફરિયાદીએ સોગંદ ઉપર આપેલ છે. સમગ્રપણે જોવામાં આવે તો, આ કામના ફરિયાદી ભોગ બનનાર, આરોપી સાથે આશરે ચાર રાત્રી અને પાંચ દિવસ જેટલો સમય સાથે રહેલા છે તે દરમિયાન આ કામના આરોપી નં. ૧ નાએ, સામખીયારી ખાતે રાત્રીના સમયે બાવળોમાં અને આખરમાં અંજાર આવેલા ત્યારે, અંજાર ખાતે વરંડા જેવી જગ્યાએ એમ કુલ બે વાર તેણીની સાથે શરીર સબંધ બાંધેલાની હકીકતો જણાવેલી છે. આખરમાં, આ કામના

ફરિયાદીએ અંજાર આવ્યા બાદ લોધેશ્વર જતા સમયે તેણીના કાકા સાહેદ બીજલ રણમલનાઓ તથા અન્ય કૌટુબિક સગાઓ આવી જતાં, સૌપ્રથમ રાપર પો.સ્ટે. લઈ ગયેલાની હકીકતો અને ત્યારબાદ પોતાના માસીના ઘરે રોકાયેલા અને શારીરિક તકલીફો ઉભી થતાં રાપર પ્રાથમિક આરોગ્ય કેન્દમાં સારવાર લેવા ગયેલા તે સમયે હાલની ફરિયાદ આપેલાનું જણાવે છે. આમ, સમગ્રપણે જોવામાં આવે તો, આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદને સમર્થનકારક પુરાવો આપેલાનુ જણાઈ આવે છે પરંતુ, તેના અનુસંધાને આરોપી પક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસ વંચાણે લેવી અતિ આવશ્યક છે. આ કામના ફરિયાદીની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેણીએ જણાવેલ નીચે મુજબની હકીકતો ફરિયાદ પક્ષના આક્ષેપિત કેસની હકીકતના સંદર્ભે નજરઅંદાજ કરી શકાય તેવા જણાતા નથી.

**''મારી ઉંમર ૨૨ વર્ષ છે. હું બનાવ બન્યો તે અગાઉ ૧૨ મહીનાથી હું દેવશીને ઓળખું છું.''**

**''એ વાત ખરી નથી કે કપડા લેવા માટે સામખીયારીમાં દેવશી એકલો ગયેલો, સાહેદ જણાવે છે કે મારો હાથ પકડીને મને સાથે લઈ ગયેલો.''**

**''એ વાત ખરી નથી કે, જયાંથી કપડા ખરીદેલ તે વિસ્તારમાં, મારા, આરોપી અને દુકાનવાળા સિવાય અન્ય વ્યકિતઓ ન હતા...... મેં દુકાનવાળાને આરોપીએ મારી સાથે ગુનો કરેલાનું જણાવેલ નહીં, અમે આ કપડા લઈને રાત્રે જયાં રોકાયેલા ત્યાં બાવળોની ઝાડીમા પરત ગયેલા.''**

**''એ વાત ખરી છે કે, બાવળની ઝાડીથી દુકાન સુધી અમે આવતા હતા ત્યારે રસ્તામાં માણસો મળેલા.. ત્યાં બે–ત્રણ માણસો મળેલા તેમને પણ મેં બનાવની વાત કરેલી નહી.''**

**''એ વાત ખરી છે કે તે બસમાં બીજા લોકો પણ હતા, મને આરોપીએ બારીની બાજુમાં બેસાડેલ. એ વાત ખરી છે કે મારી આગળ બીજા પેસેન્જર બેઠેલા હતા અને અમે અમદાવાદ તે બસમાં ગયેલા, ત્યારે અમે અમદાવાદ સાંજના પહોંચેલા.''**

**''એ વાત ખરી છે કે, અમે અમદાવાદ પહોંચ્યા ત્યાં સુધી પાણી પીવા કે બાથરૂમ જવા હું નીચે ઉતરેલ નહી. એ વાત ખરી છે કે તે (આરોપી) પાણી લેવા**

**માટે નીચે જતો...એ વાત ખરી છે કે, અમદાવાદ સુધીના રસ્તામાં બનાવની મેં કોઈને વાતચીત કરેલી નહી.''**

**''  ત્યારબાદ અમે ભરુચ બસમાં ગયેલા.... એ વાત ખરી નથી કે હું અને આરોપી જ પેસેન્જર તરીકે હતા અન્ય કોઈ પેસેન્જર તરીકે ન હતા. એ વાત ખરી છે કે ત્યારે પણ મારા સાથે બનેલ બનાવ કહેવાનું યોગ્ય લાગેલ નહી તેથી મેં કોઈને વાત કરેલ નહી.''**

**''ભરૂચથી અમે અંજાર આવેલા તે બસનું નામ મને યાદ નથી, તે બસ લકઝરી ન હતી. દિવસ આથમતી સાંજે અમે અંજાર પહોંચેલા. અંજારમાં અમો બસ સ્ટેશન પર રોકાયેલા... મને એ વાતની ખબર છે કે અંજાર બસ સ્ટેશનમાં રાત્રે પોલીસવાળા ચોકી કરતા હોય છે પણ મેં તેમને વાત કરેલી નહી. ''**

આ સંજોગોમાં ઉપરોકત હકીકતોએ, આ કામના ફરિયાદીની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ <u>ઉલટ તપાસ દરમિયાન, આરોપીપક્ષ એવી હકીકતો રેકર્ડ ઉપર લાવવા સફળ થયેલ છે કે, આરોપી નં. ૧ સાથેના ૪ રાત્રી અને ૫ દિવસ સમયગાળા દરમિયાન તેણીને અમદાવાદ, ભરૂચ તથા અંજાર પરત આવવા માટે બસમાં મુસાફરી કરવાનો, સામખીયારી બજારમાં ડ્રેસ લેવા માટે જવાનો, અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતે તેમજ અંજાર બસ સ્ટેન્ડ ખાતે રાત્રીના સમયે રોકાવાનો પ્રસંગ બનેલો પરંતુ, આ તમામ પ્રસંગો દરમિયાન આ કામના ભોગ બનનાર ફરિયાદીએ, પોતાને આરોપીથી અલગ કરવાનો અથવા તો આરોપી તેણીની સાથે ગુનાહીત કૃત્ય કરી રહેલ છે તેવી જાણ અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિતને કરવાનો પ્રયત્ન કરેલો હોય તેવુ રેકર્ડ ઉપર ફરિયાદીના પુરાવાથી આવી શકેલ નથી.</u> આ ઉપરાંત જોવામાં આવે તો, ફરિયાદીએ પોતાની ઉલટ તપાસ દરમિયાન એ હકીકતને સમર્થન આપેલ છે કે, તેણી અને આરોપી નં. ૧ એકબીજાને હાલનો બનાવ બનેલો તે અગાઉથી ઓળખતા હતા અને તેઓની વાડીએ આવવા–જવાનો અને વાતચીત કરવાનો પ્રસંગ બનતો હતો. એ હકીકત સત્ય છે કે, ફરિયાદીએ અગાઉ નોંધવામા આવેલ છે તેવા જાહેર જગ્યાએ આવવા–જવા અને ફરવાના પ્રસંગો બનવા દરમિયાન, તેણી દ્વારા ભાગી જઈને બચવાનો પ્રયાસ કરવામા આવેલ હોવાનું અથવા અન્ય કોઈ વ્યકિતને ઈશારાથી, બુમાબુમ કરીને કે અન્ય કોઈપણ રીતે તેણીની સાથે કાંઈ અજુગતુ

બની રહેલ છે અથવા તો **આરોપી તેણીને જબરજસ્તી અપહરણ કરીને લઈ આવેલ છે અને તેણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધી રહેલ છે તેવુ દર્શાવવા પ્રયત્ન નહી કરવા સબંધે ખુલાસો કરતા પોતાના પુરાવામાં જણાવેલ છે કે, આ કામનો આરોપી નં. ૧ તેણીને છરી બતાવી, ધમકાવી કાંઈ બોલવા દેતો ન હતો અને તેને કારણે તેણી ગભરાઈને આવા પ્રકારનુ કોઈ વર્તન કરી શકેલ નહી તેવા મતલબનો પુરાવો આપેલ છે પરંતુ, ફરીયાદણબાઇનો આ પુરાવો તેણીની આરોપી નં. ૧ સાથે રહેલ તેનો સમયગાળો તથા ખુદ ફરીયાદણે જણાવેલ સ્થળો કે જે જાહેર જગ્યાઓ છે અને રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન જેવી જગ્યાઓ છે તે જગ્યાએ ફરિયાદીના કથન મુજબ તેણીને છરી બતાવીને ધમકાવવામાં આવતી હતી તેવી હકિકતો સ્વિકારી શકાય તે પ્રકારની જણાતી નથી.**

આ તબકકે આ કામના ભોગ બનનારની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો, તેણીએ ઉલટ તપાસ દરમિયાન જણાવેલ છે કે,

> **''આખા બનાવ દરમિયાન દેવશી છરી બતાવતો પણ નીચે રાખતો નહી. મેં આ મુદામાલ આરોપીના હાથમાં ત્રણથી ચાર વખત જોયેલ તે હથિયાર એકદમ ધાર વાળો હતો કે બુઠઠો હતો અને તેના હાથાનો કલર કેવો હતો તે મને ખબર નથી.''**

આમ, જો આરોપી છરી બતાવતો હોય અને આરોપીના હાથમાં ફરિયાદી ભોગ બનનારે તેણી જણાવે છે તેવી છરી ત્રણથી ચાર વખત જોયલ હોય તો, તેવા સંજોગો માં કોઈપણ વ્યકિત છરીની બનાવટ તથા વર્ણન અંગે ચોકકસપણે પુરાવો આપી શકે પરંતુ, હાલના કિસ્સામાં જોવામા આવે તો, આ કામના ફરિયાદી તેણીના કથન મુજબ આ કામના આરોપી નં. ૧ નાએ સતત તેણીને છરી બતાવી ભયના ઓથા હેઠળ રાખેલ હોય તેવી હકીકત વિશ્વસનીય જણાતી નથી.

આ ઉપરાંત, ફરીયાદણબાઇને તેણીની જુબાની વંચાણે લેતાં, આરોપી તેની સાથે જબરદસ્તી કરી રહેલ છે, તેણીનું અપહરણ કરીને લાવેલ છે અથવા તો તેણીની ઇચ્છા અને મરજી વિરુધ્ધ તેણીની સાથે શારીરીક સંભોગ કે બળાત્કાર કરી રહેલ છે તે જણાવવા માટે તકો રહેલ હોવા છતાં, ખુદ ફરીયાદણબાઈએ તેવા પ્રયત્નો કરેલ હોય તેમ જણાઇ આવતું નથી. ફરીયાદણબાઇએ ખરેખર તેણીનું આરોપીઓ અપહરણ કરીને લઇ ગયેલ હોઇ અને આરોપી નં. ૧ ના એ તેણીની ઇચ્છા અને મરજી વિરુધ્ધ તેણી સાથે શારીરિક સંબંધ બાંધેલ હોય તે જણાવવા માટેની તક, તેણીને રાપર પો. સ્ટે. માં લઇ

જવામાં આવેલ તે સમયે પણ ઉપલબ્ધ થયેલ હતી પરંતુ, ફરીયાદીએ તા. ૨૯.૫.૨૦૧૪ ના રોજ તમામ આરોપીઓ વિરુધ્ધ માર મારી અપહરણ કર્યા અંગેની અને આરોપી નં. ૧ વિરુધ્ધ તેણીની ઇચ્છા અને મરજી વિરુધ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોવાની હકિકતો જણાવેલ નથી અને રાપર પો. સ્ટે. થી ઘરે ગયા બાદ બીજા દિવસે એટલે કે તા. ૩૦.૫.૨૦૧૪ ના રોજ હાલની આક્ષેપિત ફરીયાદ રજુ રાખેલ છે જે હકિકતો સ્વયં શંકાના દાયરામાં આવી જતા જણાઇ આવે છે.

(૪૬) ફરીયાદી ભોગ બનનારના પુરાવાની સાથોસાથ હાલના કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ મેડીકલ ઓફિસરશ્રીનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેઓએ કરેલ ફરીયાદી ભોગ બનનાર ની શારીરીક તપાસણી દરમ્યાન, ભોગ બનનાર સાથે શારીરિક સંભોગ થયેલ હોવાની શક્યતા નકારી શકાય તેમ ન હોવાનો પુરાવો આપેલ છે અને ખુદ ફરીયાદીએ મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ જાહેર કર્યા અનુસાર બનાવના આશરે ત્રણ માસ અગાઉ ફરીયાદીએ આરોપી નં. ૧ સાથે શારીરિક સંબંધ બાંધેલ હતો તે હકિકત ધ્યાને લેતાં અને આખરમાં, ફરીયાદીની મેડીકલ તપાસણી દરમ્યાન લેવામાં આવેલ સેમ્પલોનું એફ.એસ.એલ. દ્વારા પૃથ્થકરણ કરવામાં આવતા, ભોગ બનનારના યોનિ ભાગમાં માનવ વિર્યની હાજરી મળી આવેલ હોવાનો અભિપ્રાય ધ્યાને લેતાં, ભોગ બનનાર સાથે શારીરીક સંભોગ કરવામાં આવેલ હોય અથવા તો ભોગ બનનારે શારિરીક સંબંધ બાંધેલ હોય તેવુ સ્પષ્ટપણે કહી શકાય તેમ છે. પરંતુ, તેની સાથો સાથ મેડિકલ ઓફીસરશ્રીના પુરાવા મુજબ તેઓને ભોગ બનનારના શરીરના બાહ્ય ભાગે કોઇ પણ શારીરીક સંભોગના કારણે અથવા તો તે દરમ્યાન પરીસ્થિતિમાંથી નિકળવા માટે, બચવા માટે ઘર્ષણ થયું હોય તેવા કોઇ ચિહ્નો જોવા નહી મળેલાનુ પોતાના પુરાવા દરમ્યાન જણાવે છે. એ હકિકત સત્ય છે કે, મેડિકલ ઓફિસરશ્રીએ ફરીયાદી ભોગ બનનારના શરીરે બાહ્યભાગે મુખ્યત્વે તેણીના ડાબા હાથમાં ફ્રેકચર થયેલ તેમજ શરીરના પાછળના ભાગે ઈજાઓ થયેલ હોવાનું નોંધેલ છે પરંતુ, સાથોસાથ આ ઈજાઓ તાજી અને આશરે ૨૪ કલાક જેટલી જુની હોવાનો અભિપ્રાય આપેલ છે ત્યારે તેવા સંજોગોમાં, ફરીયાદીના આક્ષેપ અને પુરાવા મુજબ તા. ૨૪/૫/૧૪ ના રોજ આરોપીઓએ માર મારેલ હોય અને તે જ ઈજાઓ તા. ૩૦/૫/૨૦૧૪ ના અથવા તા. ૨/૬/૨૦૧૪ ના રોજ ફરીયાદીના શરીરે જોવા મળેલ હોય તેવુ માનવાને કોઇ કારણ અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતુ નથી . **ફરીયાદીને આરોપી નં. ૨ – કરમશી મોહન કોલી ના એ હોકી વડે માર માર્યો હોય અને તે જ ઈજાઓ, મેડીકલ ઓફીસરશ્રીએ જણાવેલ અસ્થિભંગ મુજબની ઈજા હોય તે હકિકત પણ સ્વિકારી શકાય તેમ નથી. કોઇ વ્યકિત ફ્રેકચર થયેલ અવસ્થામાં તા. ૨૪.૫.૨૦૧૪ થી તા. ૩૦.૫.૨૦૧૪ એટલે કે આશરે પાંચ**

**દિવસ સુધી રહી શકે, તકલીફ વગર મુસાફરી કરી શકે તે પરિસ્થિતિ સામાન્ય સંજોગોમાં વિશ્વસનીય કહી શકાય તેમ નથી.**

આ સંજોગોમાં, સમગ્રપણે ફરીયાદી ભોગ બનનારની ફરીયાદ અને તેના સમર્થનમાં રજુ રાખેલ પુરાવાની વિગતોને મેડિકલ ઓફિસરશ્રીના પુરાવા સાથે ધ્યાને લેતાં, ફરીયાદી ભોગબનનારની સાથે આરોપી નં. ૧ નાએ તેણીની મરજી વિરુધ્ધ શારીરિક સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તેવા આક્ષેપો અને હકિકતો, આરોપી નં. ૧ સાથેની હાજરી દરમ્યાનનું ફરીયાદી ભોગ બનનારનું મૌન તથા અલગ અલગ જગ્યાઓએ ફરીયાદી ની પરીસ્થિતિ વિરુધ્ધની વતર્ણુંક, વર્તન શંકાસ્પદ જણાઇ આવે છે.

(૪૭) આ તબકકે, **નામદાર સુપ્રિમ કોર્ટનો ક્રિમીનલ અપીલ નં. (એસ) ૧૩૯૫/ ૨૦૧૫, રજાક મોહમ્મદ વિરૂધ્ધ ધી સ્ટેટ ઓફ હીમાચલપ્રદેશ**નો ચુકાદો વંચાણે લેતા, નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના કેસની હકીકતો મુજબ સદર કામે આરોપી વિરુધ્ધ આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ ના ગુન્હાનો આક્ષેપ હતો અને આરોપી ભોગ બનનાર નું અપહરણ કરીને લઈ ગયેલ તે ભોગ બનનાર બનાવ સમયે પુખ્તવયની હતી અને ફરિયાદના આક્ષેપો મુજબ તેણીનું અપહરણ થયા બાદ, ભોગ બનનાર આશરે ૧૨ દિવસ સુધી આરોપી સાથે અલગ–અલગ જગ્યાએ અને સમયે મુકત રીતે ફરેલ હોવાનું નોંધી તેમજ તે સમય દરમિયાન તેણીને પોતાની સાથે આરોપી ગુનાહીત કૃત્ય આચરી રહેલ હોવા અંગે જણાવવા અંગેની તક રહેલી હોવા છતા, તેણીએ તેવા કોઈ પ્રયત્નો કરેલા ન હોવાનું નોંધી, સદર કામે ભોગ બનનારની વર્તણૂકનું અવલોકન કરી નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા સદર કામની ભોગ બનનાર પોતાની ઈચ્છા અને મરજીથી, સહમતીથી આરોપી ની સાથે રહેલ હોવાનુ ઠરાવેલ અને આરોપીની તરફેણમાં ચુકાદો આપેલ.

સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પુરાવાના મૂલ્યાંકનના આધારે કરવામાં આવેલા અવલોકનોની સાથોસાથ હાલના કેસના સંજોગો ધ્યાને લેતા, આ કામે પણ આરોપી વિરુધ્ધ ભોગબનનારનું અપહરણ કરી લઈ જઈ તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ભોગ બનનાર સાથે શારરિક સંભોગ કરી બળાત્કાર ગુજારેલા હોવાનો અને બનાવ દરમિયાન ઈજાઓ પહોંચાડેલાનો આક્ષેપ છે તેવા સંજોગોમાં, અગાઉ કરવામા આવેલી ચર્ચાનો નિષ્કર્ષ પણ નામદાર સર્વોચ્ચ

અદાલતે ઉપરોકત ચુકાદાથી પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોથી મજબુતી પ્રાપ્ત કરતો હોવાનું આ અદાલતનું માનવાનું થાય છે.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **(૧) ગુજરાત રાજ્ય વિ. રમણભાઈ ત્રિકમભાઈ માયાવંશી**–(૨૦૧૭)૦ સુપ્રિમ (ગુજ.) ૫૯ **(૨) ગુજરાત રાજ્ય વિ. ત્રાયા હાજી અલ્લારાખીયા** (૨૦૧૭)૦ સુપ્રિમ (ગુજ.) ૨૫ **(૩) ગુજરાત રાજ્ય વિ.અનિલ પરસોત્તમ વેગડ** (૨૦૧૭) ૦ સુપ્રિમ (ગુજ.) ૪૩ **(૪) ગુજરાત રાજ્ય વિ. કાંગસિયા જ્યંતિભાઈ સોમાભાઈ** (૨૦૧૭)૦ સુપ્રિમ (ગુજ.) ૧૮૪ **(૫) ગુજરાત રાજ્ય વિ. હિંમતભાઈ શાંતિભાઈ રાઠોડ–** (૨૦૧૬) ૪ જી.એલ.આર ૩૪૦૨ ના ચુકાદાઓમાં આપેલા તારણો તથા કાનૂની સિધ્ધાંતો માનપૂર્વક વંચાણે લેતાં તેનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય છે. આ કામે ભોગ બનનાર પૂરતી સમજણ શકિત ધરાવતી હતી. પોતે શું કરી રહેલ છે તેનું તેને સંપૂર્ણજ્ઞાન હતું. તેણી ની સાથે આરોપીએ કોઈ પણ પ્રકારે જબરદસ્તી કે બળ પ્રયોગ કરેલ હોય તેમ ભોગ બનનારની જુબાનીથી શંકાથી પર પુરવાર થતું નથી. મેડીકલ પુરાવાથી ભોગ બનનારે અગાઉ પણ એક વાર આજ કામના આરોપી સાથે બનાવના આશરે ત્રણેક માસ પહેલા શારીરિક સંબંધ બાંધેલ હોવાનું મેડીકલ તપાસણી સમયે મેડીકલ ઓફીસરશ્રીને જણાવેલ છે પરંતુ, તેવો શારીરિક સંબંધ બળજબરીપૂર્વક હોવાનું અથવા તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ હોવાનું હાલના કામે તા. ૩૦/૫/૨૦૧૪ ના રોજ અંજાર પરત આવ્યા બાદ પણ કોઈને જણાવેલ નથી અને સૌપ્રથમવાર પોતાની ફરિયાદમાં જાહેર કરેલ છે જે વિગત એ હકીકત સ્પષ્ટ કરે છે કે આ કામના ભોગ બનનારે આજ કામના આરોપી નં. ૧ સાથે હાલના આક્ષેપીત બનાવ બનતા પહેલા પણ એક વાર શારીરિક સંબંધ બાંધેલ હતો. ખૂદ ભોગ બનનારે આરોપી સાથે સતત રહ્યા તે દરમીયાન કોઈ ને પણ આરોપી વિરુધ્ધ રજૂઆત કે ફરીયાદ કરેલ નથી. રેકર્ડ ઉપરના સંજોગો જોતાં તેણી એ સ્વેચ્છાએ અને સભાનતાપૂર્વક આરોપીને સંમતિ આપેલ હતી જે હકીકત ગેરસમજપૂર્વકની ન હતી.

(૪૮) હાલના કેસના સંજોગોમાં અગાઉ કરવામાં આવેલી ચર્ચા મુજબ આ કામની ફરિયાદી ભોગ બનનાર આશરે ચાર રાત્રી અને પાંચ દિવસ દરમિયાન સામખીયારી, અમદાવાદ, ભરુચ અને આખરમાં અંજાર ખાતે સાથે રહેલ હોઈ, જાહેર સ્થળો

એ અને પોતાની સાથે કોઈ અણબનાવ બની રહેલ હોવાની હકીકતો જાહેર કરી શકે તેવા સ્થળોએ પણ મૌન રહેલ હોય ત્યારે તે તમામ સંજોગોમાં આ કામના ફરિયાદીનું આરોપીઓ ધ્વારા અપહરણ કરવામાં આવેલુ હોય અને ત્યારબાદ આરોપી નં.૧ ધ્વારા તેણીની સાથે બળાત્કાર સંભોગ કરવામાં આવેલો હોય તેવી હકીકતો ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતોને અનુસંધાને પુરવાર થયેલી માની શકાય તેમ નથી.

(૪૯) આ કામે ફરિયાદપક્ષના આક્ષેપો બીજા ભાગમાં જોવામાં આવે તો, ફરીયાદીના પુરાવા મુજબ તેણી, આરોપી નં. ૧ સાથે અંજાર પરત ફર્યા બાદ લોધેશ્વર જતાં સમયે તેણીના કાકા સાહેદ બીજલભાઈ રણમલભાઈ વરચંદ તેમને જોઇ ગયેલા અને તેઓ તથા અન્ય કૌટુંબિક સાહેદો ત્યાં સ્થળ પર પહોંચી ગયેલ હતા. આ જ હકિકતોને સાહેદ બીજલભાઈ રણમલભાઈ વરચંદ તથા અન્ય સાહેદો વિગેરેએ પણ સમર્થન આપેલ છે. **<u>આ સંજોગોમાં, ઉપરોક્ત તમામ સાહેદો તા. ૨૯.૫.૨૦૧૪ ના રોજ, ફરિયાદીબાઇ આરોપી સાથે મળી આવતા સ્થળ પર પહોંચેલ સાહેદો</u> છે.** પુરાવા પરથી એ હકિકત નિર્વિવાદીત રહેલ છે કે, ભોગ બનનાર મળી આવ્યા બાદ તેણીને રાપર પો. સ્ટે. લઈ જવામાં આવેલ. આરોપીપક્ષે વિ.વ.શ્રી સોનપારની એવી દલીલ રહેલ છે કે, ભોગ બનનારનું તા. ૨૯.૫.૨૦૧૪ના રોજ રાપર પો. સ્ટે. ના જવાબદાર અમલદાર દ્વારા, અગાઉ નોંધવામાં આવેલ જાણવા જોગ ગુમ નોંધના કામે નિવેદન નોંધવામાં આવેલ અને તે નિવેદન મુજબ, ભોગ બનનારે ખુદ ખેતી કામથી કંટાળી ગયેલ હોઇ આરોપી નં. ૧ ને બહાર ફરવા લઈ જવાનું કહી, પોતાની મરજી થી આરોપી નં. ૧ સાથે ગયેલ હતી અને રાપર પો. સ્ટે.માં રજુ કરતા સમયે, ભોગ બનનારના મોંઢાના ભાગે હોઠ પર થયેલ ઈજા, બસમાંથી ઉતરતા પડી જતા થયેલાનું જણાવેલ છે. આ સંજોગોમાં, ભોગ બનનારે પો. સ્ટે. માં તા. ૨૯.૫.૨૦૧૪ના રોજ બળાત્કારની કોઇ ફરીયાદ આપેલ નથી અને ઘરે ગયા બાદ, પરિવારના સભ્યોના દબાણવશ ખોટી ફરીયાદ આપેલ છે તે મુજબની રજુઆત કરેલ છે.

(૪૯.૧) આરોપીપક્ષના બચાવ અને રજુઆતના અનુસંધાને રેકર્ડ પરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદપક્ષના પોલિસ સાહેદો આંક–૧૧૭ થી સાહેદ શાંતાબેન બાબુભાઈ બજાત તથા આંક–૧૩૫ થી રામજીભાઈ ટપુભાઈ ચનુરા ના પુરાવા દરમ્યાન આરોપી પક્ષે ઉલટતપાસ સમયે, જાણવા જોગ નોંધનો ઉતારો રજુ રાખેલ છે તેમજ આ બન્ને સાહેદોએ પોતાના પુરાવા દરમ્યાન, ભોગ બનનારે તા. ૨૯.૫.૨૦૧૪ ના રોજ તેઓની હાજરીમાં જાણવા જોગ નોંધના કામે નિવેદન લખાવેલાનુ અને તેમાં તેણી પોતે ખેતી કામથી કંટાળી ગયેલ હોઇ આરોપી નં. ૧ ને બહાર ફરવા લઈ જવાનું કહી આરોપી સાથે

ગયેલ હોવાનું લખાવેલ હોવાનુ જણાવેલ છે. **અત્રે એ નોંધવું આવશ્યક છે કે, ફરીયાદીએ પોતાના પુરાવા દરમ્યાન તેણીએ કોઇ નિવેદન લખાવેલ ન હોવાનું જણાવેલ છે પરંતુ, તેવી હકિકતોનો પણ સ્વિકાર કરેલ છે કે, તેણીના કાકા સાહેદ બિજલ અને અન્ય સગાઓ તેણીને તા. ૨૯.૫.૨૦૧૪ના રોજ રાપર પો. સ્ટે. લઇ ગયેલ અને ત્યાં તેણીની જાણવા જોગ ગુમ નોંધના કામે પુછપરછ કરેલ અને આ સમયે તેણીએ કોઇ ફરીયાદ નોંધાવેલ નહી. ફરીયાદીની આ સ્વિકૃતીની સાથોસાથ અગાઉ ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબ તા. ૨૯.૫.૨૦૧૪ના રોજ તેણીને કોઇ સારવાર લેવાનો પ્રસંગ ઉપસ્થિત થયેલ નથી અને રાપર પો. સ્ટે. થી ફરીયાદી તેણીના માસીના ઘરે ગયા બાદ, ફરીયાદીના કથન મુજબ બીજા દિવસે એટલે કે તા. ૩૦.૫.૨૦૧૪ના રોજ પેટમાં દુઃખાવો શરુ થતાં સારવાર લીધેલ અને આક્ષેપિત ફરિયાદ આપેલ છે.**

આ તબકકે જયારે આ કામના ફરિયાદીએ તેણીનું તા. ૨૯/૫/૨૦૧૪ ના રોજ કોઈ નિવેદન નોંધવામાં ન આવેલ હોવાની હકીકતો જણાવેલ છે તે હકીકતના અનુસંધાને અગાઉ નોંધવામા આવેલ છે તે મુજબ રાપર પોલીસ સ્ટેશનના વુમન પો. કો. શાંતાબેન બાબુભાઈ બજાત તથા પી.એસ.આઈ. શ્રી રામજીભાઈ ટપુભાઈ ચુનરા ઓ એ સ્પષ્ટપણે આંક–૧૨૦ વાળુ નિવેદન તેઓની હાજરીમાં રાપર પો.સ્ટે. માં જાણવા જોગ ગુમ નોંધના કામે ગુમ થનાર વ્યકિત એટલે કે જેઓ આ કામના ફરિયાદી છે તેણીના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલાની હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે. આજ હકીકતોના અનુસંધાને ફરિયાદ પક્ષના સાહેદ બીજલભાઈ રણમલભાઈ વરચંદની ઉલટ તપાસ વંચાણે લેવી આવશ્યક થઈ પડે છે. સદરહુ સાહેદે પોતાની ઉલટ તપાસ દરમિયાન જણાવેલ છે કે,

**'' [illegible] (ભોગ બનનાર) તા. ૨૪/૫/૧૪ ના રોજ રાત્રે દસ વાગ્યે ગુમ હતા મને તે બાબતની મારા ભાભી કુવરબેનએ જાણ કરેલી, મને કુંવરબેન ગામમાં રૂબરૂ મળીને વાત કરેલી અને હું જાણવા જોગ લખાવવા રાપર પોલીસ સ્ટેશનમાં ગયેલો હતો અને જાણવા જોગ મારા લખાવ્યા મુજબ પોલીસે લખેલી.**

**મને જાણવા જોગ (ગુમનોંધ) પોલીસે વાંચી સંભળાવેલી હતી અને તે બરાબર મારા લખાવ્યા મુજબની હતી.''**

**''એ વાત ખરી છે કે જાણવા જોગમાં પોલીસે પોતાની રીતે કોઈ ઉમેરો કરેલો ન હતો.''**

'' **શ્રાંલીઓશ (ભોગ બનનાર)નું નિવેદન મેં લખાવેલું ન હતું, શ્રાંલીઓશ (ભોગ બનનારે) લખાવેલ હશે.''**

'' **શ્રાંલીઓશ (ભોગ બનનાર)નું રાપર પોલીસ સ્ટેશનમાં નીવેદન લેવામાં આવેલ ત્યારે હું પોલીસ સ્ટેશનની ચાલીમાં બહાર બેઠેલ હતો.''**

ઉપરોકત હકીકતોને ફરિયાદ પક્ષના અન્ય સાહેદ વેલા ધના વરચંદ અને હરીભાઈ બેચરાભાઈ સોનારાના પુરાવાથી પણ સમર્થન મળતુ હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આ સંજોગોમાં, આ કામે રજુ થયેલ આંક-૧૨૦ મુજબનું તેઓની જાણવા જોગ ગુમ નોંધના કામે નીવેદન નોંધવામાં આવેલ હોવા છતાં અને આ નીવેદની હકીકતોથી વિરુધ્ધની હકીકતો દર્શાવતી હાલના કામની તે નીવેદન નોંધ્યા બાદના બીજા દિવસની નોંધવામાં આવેલ ફરિયાદની હકીકતોમાં તદન વિરોધાભાસી હકીકતો જણાવેલ હોય, તેણીના અગાઉના નીવેદનથી બચવા માટે અને હાલના કેસમાં તેણીના ધાર્યા મુજબનું અને મરજી મુજબનુ પરીણામ આવે તેવા હેતુથી આંક-૧૨૦ વાળુ નીવેદન તેણી ધ્વારા નોંધાવવામાં આવેલ ન હોવાની હકીકતો જણાવવામાં આવેલ હોવાનુ અત્રેની અદાલતનુ સ્પષ્ટપણે માનવુ થાય છે.

(૪૯.૨) આ તમામ સંજોગોમાં, સમગ્ર ઘટનાક્રમ તબક્કાવાર જોવામાં આવે તો, ફરીયાદીએ તેણી પાસે ફરીયાદ દાખલ કરવા માટેનો પુરતો સમય હોવા છતાં, પો. સ્ટે.માં સાથે કૌટુંબિક પરીજનો હોવા છતાં, તા. ૨૯.૫.૨૦૧૪ના રોજ કોઈ જ અપહરણ સંબંધીત, બળાત્કાર સંબંધીત ફરિયાદ આપેલ નથી અને તે જ રીતે તેણીને હાથના ભાગે કોઈ ફ્રેકચર થયેલ હોય કે, શરીરના અન્ય ભાગે ઈજાઓ થયેલ હોય અને તે સંબંધે દુઃખાવો થતો હોય તેવી કોઈ ફરીયાદ કરેલ નથી, જે ફરીયાદીની સમગ્ર વર્તણુંક શંકા પ્રેરે તે પ્રકારની જણાય છે. આ ઉપરાંત, ફરીયાદીના માતા/કાકા એ જાણવા જોગ નોંધમાં લખાવેલ હકિકતો કરતા અલગ હકિકતો ફરીયાદીએ પોતાની ફરીયાદમાં લખાવેલ છે અને ખુદ ફરીયાદીએ પોતાના પુરાવામાં બનાવની રાત્રીએ તેણી લગનમાં ગીતો ગાવા સારુ પોતાના ભાઈ, ભાભીની રજા લઈને એટલે કે તેઓને જણાવીને ગયેલ હોવાની હકિકતો જણાવેલ છે તેમ છતાં તેવી કોઈ બાબતોનો ઉલ્લેખ જાણવા જોગ નોંધમાં કરવામાં આવેલ નથી.

(૫૦) આ તમામ સંજોગો ધ્યાને લેતાં, તા. ૩૦.૫.૨૦૧૪ ના રોજની ફરીયાદ, પુર્વ વિચારણાના અંતે અથવા સગા સંબંધીઓના દબાણવશ કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પરથી માનવાને કારણ રહે છે અને તેવા સંજોગોમાં, આરોપીઓએ ફરીયાદી ભોગબનનાર ને માર મારી, અપહરણ કરી લઈ જઈ, આરોપી નં. ૧ નાએ ફરીયાદીની ઈચ્છા

અને મરજી વિરુધ્ધ તેણી સાથે શરીર સંબંધ બાંધી, સંભોગ કરી બળાત્કાર કરેલ હોય તેવા તમામ આક્ષેપો શંકાના દાયરામાં આવી જાય છે.

**(૫૧)** ફરીયાદપક્ષના કેસ મુજબ ત્રીજા ભાગના સાહેદો તે માત્ર રજુ થયેલ ફરીયાદ ના અનુસંધાને તેઓની સરકારી ફરજના ભાગ રુપે કરેલ કાર્યવાહીને સમર્થન આપતા સાહેદો છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ સીધા, પ્રત્યક્ષ, સબળ અને વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**(૫૧.૧)** ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદો પૈકી, સાહેદ ડો. સંદીપભાઈ દેવશીભાઈ માલીનો આંક– ૯૦ નો પુરાવો વંચાણે લેતા, ડોકટર સાહેદે તેઓની ઉલટ તપાસ દરમિયાન જણાવેલ હકીકતો આ તબકકે અત્રે નોંધવી આવશ્યક જણાય છે. મેડીકલ ઓફીસર શ્રીએ પોતાની ઉલટ તપાસ દરમિયાન જણાવે છે કે,

**''એ વાત હું ચોકકસપણે કહી શકુ કે આંક–૯૨ ના દસ્તાવેજમાં અમોએ વર્ણવેલી ઈજાઓ તા. ૨૪/૫/૧૪ ના રોજ થયેલી ન હતી.''**

**''એ વાત ખરી છે કે ત્રણ મહીના અગાઉ આરોપી સાથે સંભોગ કરેલો ત્યારે આરોપીએ જબરજસ્તીથી સંભોગ કરેલો હોવાની હકકીતો મારી સમક્ષ જાહેર કરેલ નથી. ''**

**''એ વાત ખરી છે કે ભોગ બનનાર સાથે ગુનો બનતો હોત તો તે રોકી શકે તેવી સક્ષમ હતી.''**

**''એ વાત ખરી છે કે ડાબી બાજુના સ્તન ઉપર થયેલી ઈજાઓ ૨૪ કલાકની અંદર ના સમયની ઈજાઓ હતી. એ વાત ખરી છે કે આંક–૯૯ વાળા દસ્તાવેજમાં દર્શાવેલી તમામ ઈજાઓ ૨૪ કલાકની અંદરના સમયની ઈજાઓ હતી.''**

**''એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈ સ્ત્રી સાથે જબરજસ્તી કરવામાં આવે તો બચાવ કરવાથી આરોપીને પણ ઈજાઓ થઈ શકે છે. એ વાત ખરી છે કે આવી કોઈ ઈજાઓ મારી તપાસણી દરમિયાન આરોપીને થયેલ હોય તેવી જોવા મળેલ નહતી.''**

આ સંજોગોમાં, ઉપરોકત મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો વંચાણે લેવામાં આવે તો અને તેમની સાથોસાથ ફરિયાદી–ભોગ બનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેમાં ઘણો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવતો હોવાનું જણાઈ આવે છે. હાલના કામે ફરિયાદી–ભોગ બનનારે તેણીને તા. ૨૪/૫/૧૪ ના રોજ રાત્રીના સમયે આશરે દસ વાગ્યે આ કામના આરોપીઓ ધ્વારા તેણીની સાથે જબરજસ્તી કરી આરોપી નં. ૨ કરમશી મોહન કોલીએ હોકી વડે માર માર્યાની હકીકતોના અનુસંધાને મેડીકલ ઓફીસરશ્રીનો પુરાવો વંચાણે લેવામા આવે તો આ કામની ફરિયાદી ભોગ બનનારના શરીર ઉપર જે કોઈપણ ઈજા નોંધવામા આવેલી હતી તે તાજી અને આશરે ૨૪ કલાક જેટલા સમયમાં થયેલ હોય તે પ્રકાર ની હતી તેવુ જણાવે છે ત્યારે ફરિયાદીના જણાવ્યા મુજબની આરોપીઓ ધ્વારા માર મારવામા આવતા થયેલી ઈજાઓ ફરિયાદીના શરીર ઉપર નોંધવામા આવેલ હોય અથવા તો ફરિયાદીએ મેડીકલ ઓફીસરશ્રીને તેવી હકીકતો જણાવેલી હોય તે બાબતનો કોઈ સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો નથી.

**(૫૧.૨)** આ ઉપરાંત પણ આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા પુરાવામાં તેણીને જમણા હાથના બાવડામાં આરોપી નં. ૨ નાએ હોકી મારેલાની હકીકત જણાવેલ છે તે અંગે પણ પુરાવો ચકાસવામા આવે તો, આંક–૯૨ ના એમ.એલ.સી. સર્ટીફીકેટમાં ભોગ બનનારને જે ફ્રેકચરની ઈજા થયેલ છે તે ડાબા હાથમાં થયેલ હોવાનું અને ૨૪ કલાકની અંદર થયેલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામેની ફરિયાદમાં ભોગ બનનારે જણાવેલ હકીકત તથા આંક–૯૨ ના એમ.એલ.સી. સર્ટીફીકેટમાં જણાવેલ ઈજા અંગેની હકીકતમાં વિરોધાભાસ જણાય છે.

**(૫૩)** ઉપરોકત તમામ સંજોગોમાં, **હાલના કામે મેડિકલ ઓફિસરશ્રીએ પોતાના પુરાવા દરમ્યાન, ભોગ બનનારે હાલના બનાવના ત્રણ માસ અગાઉ આ કામના આરોપી નં. ૧ સાથે સંભોગ કરેલ હોવાનું અને ભોગ બનનારના શરીરે જોવા મળેલ ઈજાઓ ૨૪ કલાક જેટલી જ જુની હોવાનું નોંધી તે મતલબનો પુરાવો આપેલ છે. તેવા સંજોગોમાં, તા. ૨૪.૫.૨૦૧૪ના રોજ અપહરણ કરતા સમયે કોઈ ઈજાઓ ફરીયાદીને પહોંચાડવામાં આવેલ હોય અને ભોગ બનનારે તે અંગે મેડિકલ ઓફિસરશ્રીને કોઈ હકિકતો જણાવેલ હોય તેમ જણાઈ આવતુ નથી આ સંજોગોમાં, ભોગ બનનારના શરીરે થયેલ ઈજાઓ તે આરોપી નં. ૧ અને ભોગ બનનાર એક સાથે મળી આવેલ તે સમયે ફરીયાદી ભોગ બનનારના**

**સગાઓ દ્ધારા ફરીયાદીબાઈ દ્ધારા સામાજીક મર્યાદાઓ ઓળંગવાના પ્રત્યાઘાત સ્વરુપના હોવાનું માની શકાય તેમ છે. આ સંબંધે સ્પષ્ટ પુરાવો રજુ થતો નથી પરંતુ, આરોપી નં. ૧ સાથે મળી આવ્યા બાદ બનેલ ઘટનાક્રમ અંગેનો અન્ય સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેમના આરોપીપક્ષે આંક– ૧૯૯ થી આ કામના સાહેદો વિરૂધ્ધ તા. ૨૯/૫/૨૦૧૪ ના રોજ નોંધવામાં આવેલ ફરિયાદની હકીકતો ધ્યાને લેતાં, ઉપરોકત બાબત થોડા ઘણા અંશે રેકર્ડ પર આવતી જણાય છે. આ સંજોગોમાં, મેડિકલ ઓફીસરશ્રીના પુરાવાથી ફરીયાદપક્ષના આક્ષેપોને સમર્થન મળતુ હોવાનું જણાઈ આવતુ નથી.**

આ ઉપરાંત, અન્ય સાહેદો પોલિસ સાહેદો છે અને ફરીયાદપક્ષ જ્યાં સુધી પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાથી સાબિત ન કરે ત્યાં સુધી તપાસના કામે હાજર રહેનાર પોલીસ કર્મચારી અને ત. ક. અમલદારના પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તે મતલબનો પુરાવો, અગાઉ ચર્ચા કરવામાં આવેલ છે તે મુજબનો રજુ થતો નથી.

**સારાંશ :–**

**(૫૪)** આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, તેમના ઉપરોકત તમામ વિગતવારની ચર્ચા ધ્યાને લેતાં,

(૧) આ કામની ફરિયાદી ભોગ બનનાર આશરે ચાર રાત્રી અને પાંચ દિવસ દરમિયાન સામખીયારી, અમદાવાદ, ભરુચ અને આખરમાં અંજાર ખાતે સાથે રહેલ હોઈ, જાહેર સ્થળોએ અને પોતાની સાથે કોઈ અણબનાવ બની રહેલ હોવાની હકીકતો જાહેર કરી શકે તેવા સ્થળોએ પણ મૌન રહેલ હોય ત્યારે તે તમામ સંજોગોમાં આ કામના ફરિયાદીનું આરોપીઓ ધ્વારા અપહરણ કરવામાં આવેલુ હોય અને ત્યારબાદ આરોપી નં.૧ ધ્વારા તેણીની સાથે બળાત્કાર સંભોગ કરવામાં આવેલો હોય તેવી હકીકતો પુરવાર થયેલી માની શકાય તેમ નથી.

(૨) તા. ૩૦/૫/૨૦૧૪ ના રોજની ફરિયાદ, પૂર્વ વિચારણાના અં તે અથવા સગા સંબંધીઓના દબાણવશ કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવાથી માનવાને કારણ રહે છે અને તેવા સંજોગોમાં, આરોપીઓએ ફરિયાદી ભોગ

બનનારને માર મારી, અપહરણ કરી લઈ જઈ, આરોપી નં. ૧ ના એ ફરિયાદીની ઈચ્છા અને મરજી વિરૂધ્ધ તેણી સાથે શરીર સંબંધ બાંધી, સંભોગ કરી બળાત્કાર કરેલ હોવાના તમામ આક્ષેપો શંકાના દાયરામાં આવતા જણાયેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મેડીકલ પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી અને ભોગ બનનારન શરીર ઉપર નોધવામા આવેલી ઈજાઓ ફરિયાદ પક્ષના કેસ મુજબ તા. ૨૪/૫/૨૦૧૪ ના રોજ ફરિયાદીનુ અપહરણ કરવામા આવેલુ તે સમયની હોવાનુ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી અને આ તમામ શરીરના બાહય ભાગની ઈજાઓ ૨૪ કલાક જેટલા સમય અદરની હોવાનુ પુરાવાથી જણાઈ આવે છે ત્યારે ફરિયાદ પક્ષના આક્ષેપોને મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાથી બળ મળતુ નથી. ઉપરાંત આંક–૧૨૨ થી રજુ થયેલ એફ.એસ.એલ. રાજકોટના અહેવાલ મુજબ આ કામના ફરિયાદી તથા આરોપી નં.૧ નાઓનું બ્લડ ગુપ ''**બી**'' જુથનું હોવાનું અને ભોગ બનનારના આંતરીક તપાસ દરમિયાન લેવામાં આવેલ નમુનામા વીર્યની હાજરી મળેલ હતી તે વીર્યનું જુથ પણ ''**બી**'' જુથ હોવાનું નોંધેલ છે તેવા સંજોગોમાં પણ અગાઉ ચર્ચા કરવામા આવેલ છે તે મુજબ ફરિયાદ પક્ષ માત્ર ફરિયાદી સાથે શારીરિક સંભોગ થયેલાની હકીકત પુરવાર કરી શકેલ છે પરંતુ, આરોપી નંરૂ. ૧ નાએ તેણીની મરજી અને ઈચ્છા વિરુધ્ધ તેણીની સાથે શારીરિક સંભોગ કરેલ હોય તેવી હકીકતો પુરવાર કરી શકેલ નથી.

**(૫૫)** આમ, આ કામે ભોગ બનનાર–ફરીયાદી તથા મહત્વના સાહેદો તથા સ્વતંત્ર સાહેદોએ હાલના આરોપીઓએ ભોગ બનનાર– ફરીયાદી સાથે તેણીની અપહરણ કરી લઈ ગયેલ હોય અને આરોપી નં. ૧ ના એ ઈચ્છા–સંમતી વીના સંભોગ બળાત્કાર કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત જણાઈ આવેલ નથી તેથી હાલના કામે ગુના અંગેના મહત્વના આવશ્યક તત્વો ફરીયાદપક્ષે પુરવાર કરેલ ન હોવાનું અદાલત માને છે.

**(૫૬)** આમ, આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં, આ કામે ફરીયાદી ભોગ બનનાર, સ્વતંત્ર સાહેદનો પુરાવો, પંચ–સાહેદોનો, મેડીકલ સાહેદનો

તેમજ પોલીસ સાહેદોનો પુરાવો જોતાં આરોપીઓએ ફરિયાદી– ભોગ બનનારનું ગુપ્ત અને સદોષ અટકાયતમાં રાખવાના ઈરાદાથી અપહરણ કે અપનયન કરેલ હોય, સ્વેચ્છા પૂર્વકની વ્યથા પહોંચાડેલ હોય કે જાનથી મારી નાખવાની ગુનાહિત ધમકી આપેલી હોય, આરોપીઓ પૈકી આરોપી નં. ૧ નાએ ભોગ બનનાર– ફરીયાદી સાથે તેણીની ઈચ્છા–સંમતી વીના બળાત્કાર–સંભોગ કરેલ હોય અને અપહરણ કરતા દરમિયાન હોકી જેવુ હથીયાર ધારણ કરી તેમજ અપહરણ કર્યા બાદ છરી ધારણ કરી, મે. શ્રી ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેવા હાલના કામના ઈ. પી. કો. ની કલમ **–૩૭૬, ૩૬૬, ૫૦૬(૨), ૩૨૩, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫** મુજબના ગુનાના આવશ્યક તત્વો લેશમાત્ર રેકર્ડ ઉપર આવેલ નથી અને આરોપીને હાલના ગુનાના કામે સાંકળતો સમર્થનકારી, સીધો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. આ કામે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપરના પુરાવાના આધારે હાલના આરોપીઓ સામેનો પોતાનો કેસ કડીબધ્ધ રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીઓને ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–**૩૭૬, ૩૬૬, ૫૦૬(૨), ૩૨૩, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫** મુજબના ગુનાના કામે તકશીરવાર ઠરાવી શકાય તેમ નથી. ઉપરોકત તમામ વિગતવારની ચર્ચા તેમજ પુરાવાનુ મૂલ્યાકન કરતા ફરિયાદ પક્ષ મુદા ન. ૧ થી ૩ ના પુરવાર કરી શકેલ ન હોઈ, મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય મારી ઉપરોકત ચર્ચા મુજબ નકારમાં આપું છું. તેમજ મુદ્દા નં.૪ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>**–:: હુ ક મ ::–**</u>

૧. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૧)અન્વયે આરોપી (૧) દેવશી મોહન કોલી, ઉ.વ. ૨૬, ધર્મે: હિન્દુ, ધંધો: ખેતી, (૨) કરમશી મોહન કોલી, ઉ.વ. ૨૪, ધર્મે: હિન્દુ, ધંધો: ખેતી, (૩) કરશનભાઈ મોહનભાઈ કોલી, ઉ.વ. ૨૧, ધર્મે: હિન્દુ, ધંધો: ખેતી, રહેવાસી તમામ: ભરૂડીયા, રોસીચારી વાંઢ, તા. રાપર–કચ્છ નાઓને ઈ.પી.કો. ની કલમ–**૩૭૬, ૩૬૬, ૫૦૬(૨), ૩૨૩, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫** અન્વયેના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી નં. ૧– દેવશી મોહન કોલી હાલે જયુડિશીયલ કસ્ટડીમાં કાચા કામના કેદી તરીકે હોઈ, તે સંજોગોમાં સદર આરોપી અન્ય કોઈ ગુનાના કામે અટકાયતમાં ન હોય તો તેને આ હુકમના આધારે વિના વિલંબે જેલ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે. સબંધીત જેલ ઓથોરીટીને જરુરી યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે મુદ્દામાલનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(ક) મુજબ રુા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર પુરા) ના જાત જામીન તેમજ તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ–૨૮, માહે–નવેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સહી/–

**તારીખ– ૨૮–૧૧–૨૦૧૯.** **(ડી. જે. મહેતા.)**
**સ્થળ : અંજાર–કચ્છ.** **૭ માં એડીશનલ સેસન્સ જજ,**
**અંજાર, મુકામ–અંજાર–કચ્છ.**
**કોડ નંબર–જી.જે. ૦૦૬૬૬.**

(હરેશ પરમાર, ગુજ. સ્ટેનો.)